dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 224 | AD - 2026, Jeth Sud -05 | Thursday, Dt. 21-05-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ઈટાલીમાં પ્રધાનમંત્રી મોદીએ આતંકવાદના મુદ્દે આકરા પ્રહારો કર્યા

# ભારત અને ઈટાલી દ્વિપક્ષીય વેપારને વધુ મજબૂત બનાવશે

રોમ, તા.૨૦

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઈટાલીની પ્રથમ ઐતિહાસિક દ્વિપક્ષીય મુલાકાત દરમિયાન બંને દેશોએ પરસ્પર સંબંધોને ઉચ્ચતમ સ્તરે લઈ જતાં તેને "વિશેષ વ્યૂહાત્મક ભાગીદારી" માં અપગ્રેડ કર્યા છે. ૨૬ વર્ષના લાંબા અંતરાલ બાદ આયોજિત આ દ્વિપક્ષીય બેઠક બાદ પીએમ મોદી અને ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ એક સંયુક્ત પ્રેસ નિવેદન જાહેર કર્યું હતું. પ્રેસ કોન્ફરન્સમાં પીએમ મોદીએ આતંકવાદ મુદ્દે આકરા પ્રહારો કરતા જણાવ્યું કે, "આતંકવાદ માનવતા માટે ગંભીર પડકાર છે. જવાબદાર લોકશાહીઓ ફક્ત આતંકવાદની ટીકા કરતી નથી, પરંતુ તેની સામે મજબૂત પગલાં લે છે." તેમણે ઉમેર્યું કે આતંકવાદના ટેરર ફંડિંગ (ભંડોળ) સામે લડવામાં ઈટાલી હંમેશા ભારતની સાથે ઊભું રહ્યું છે. બીજી તરફ, વડાપ્રધાન મેલોનીએ ઈન્ડો-પેસિફિક (પ્રશાંત) ક્ષેત્રમાં મુક્ત નેવિગેશનની સ્વતંત્રતા અને વૈશ્વિક સુરક્ષા પર ભાર મૂક્યો હતો. બંને દેશો વચ્ચેના આર્થિક




સંબંધોને નવી ઊંચાઈ આપવા માટે વર્ષ ૨૦૨૯ સુધીમાં દ્વિપક્ષીય વેપારને વર્તમાન ૧૪ બિલિયન યુરોથી વધારીને ૨૦ બિલિયન યુરો (આશરે ૨,૨૪૧.૮૫ બિલિયન રૂપિયા) કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. વડાપ્રધાન મેલોનીએ જણાવ્યું કે, ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચેના મુક્ત વેપાર કરાર (FTA) આ લક્ષ્યને પ્રાપ્ત કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. હાલમાં ૪૦૦થી વધુ ઈટાલિયન કંપનીઓ ભારતમાં કાર્યરત છે.













**ઓનલાઈન ડિજિટલ માર્કેટમાં ગુણવત્તા વગરની, નકલી અને ડુપ્લિકેટ દવાઓ અને ભારે ડિસ્કાઉન્ટ અપાતુ હોવાના વિરોધમાં**

# અમરેલી જિલ્લામાં મેડીકલ સ્ટોર વિક્રેતાઓની સજ્જડ હડતાલ

અમરેલી,તા.૨૦

આજના આધુનિક યુગમાં ડિજિટલ પ્લેટફોર્મ્સનો વ્યાપ ઝડપથી વધી રહ્યો છે, પરંતુ તેની સીધી નકારાત્મક અસર વેપારીઓ પર જોવા મળી રહી છે. હાલમાં જ ઓનલાઈન દવાઓના વેચાણના વિરોધમાં દેશભરમાં કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસિએશન દ્વારા એક દિવસની સજ્જડ હડતાળ પાડવામાં આવી હતી. આ રાષ્ટ્રવ્યાપી બંધના ભાગરૂપે અમરેલી જિલ્લામાં પણ તેની વ્યાપક અને મોટી અસર જોવા મળી હતી, જ્યાં મોટાભાગના સ્થાનિક મેડિકલ સ્ટોર્સ સંપૂર્ણપણે બંધ રહ્યા હતા. સત્તાવાર આંકડાઓ મુજબ અમરેલી જિલ્લામાં કાર્યરત કુલ ૬૦૦ મેડિકલ સ્ટોર્સ પૈકી લગભગ ૫૫૦ જેટલા સ્ટોર્સ આ હડતાળમાં સક્રિયપણે જોડાયા હતા અને પોતાના વેપાર-ધંધા બંધ રાખ્યા હતા. આ હડતાળને કારણે તમામ પ્રકારની સામાન્ય અને જીવનરક્ષક દવાઓનું નિયમિત વેચાણ સંપૂર્ણપણે અટકાવી દેવામાં આવ્યું હતું, જેના લીધે સમગ્ર જિલ્લાના ફાર્મસી ક્ષેત્રમાં સન્નાટો વ્યાપી ગયો હતો. જોકે, મેડિકલ એસોસિએશન એક જવાબદાર સંગઠન હોવાના નાતે, સારવાર હેઠળના ગંભીર દર્દીઓને કોઈ મોટી આકસ્મિક હાલાકી કે મુશ્કેલી ન પડે તે માટે અમરેલી કેમિસ્ટ એસોસિએશન દ્વારા ખૂબ જ સુંદર અને સુવ્યવસ્થિત વૈકલ્પિક વ્યવસ્થા અગાઉથી જ ગોઠવવામાં આવી હતી. આ ખાસ આયોજનના




ભાગરૂપે સમગ્ર જિલ્લામાં કુલ ૫૦ મેડિકલ સ્ટોર્સ અને ખાસ કરીને અમરેલી શહેરમાં ૪ મુખ્ય મેડિકલ સ્ટોર્સ સહિત તમામ તાલુકામાં એકથી બે માત્રને માત્ર ઈમરજન્સી દવાઓના વેચાણ માટે જ ખુલ્લા રાખવામાં આવ્યા હતા. આ રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનનું મુખ્ય અને પાયાનું કારણ ઈ-ફાર્મસી એટલે કે ઓનલાઈન પ્લેટફોર્મ્સ દ્વારા થતું દવાઓનું અનિયંત્રિત વેચાણ છે. મોટા કોર્પોરેટ ગૃહો અને વિદેશી ભંડોળ ધરાવતી ઓનલાઈન કંપનીઓ દ્વારા દવાઓ પર ગ્રાહકોને આકર્ષવા માટે ભારે ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે, જેનો સ્થાનિક સ્તરના નાના કેમિસ્ટો લાંબા સમયથી સખત વિરોધ કરી રહ્યા છે.આ ઉપરાંત એસોસિએશન દ્વારા દેશના નાગરિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને એવો ગંભીર મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો છે કે ઓનલાઈન ડિજિટલ માર્કેટમાં ગુણવત્તા વગરની, નકલી અને ડુપ્લિકેટ દવાઓનું પણ કોઈપણ જાતના કડક વેરિફિકેશન વગર ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે. કેમિસ્ટ એસોસિએશનનો સ્પષ્ટ દાવો છે કે ડૉક્ટરના માન્ય પ્રિસ્ક્રિપ્શન વગર ઓનલાઈન દવાઓ ડિલિવર કરવી એ સામાન્ય લોકોના સ્વાસ્થ્ય સાથે સીધા ચેડાં સમાન છે અને આ જીવલેણ પ્રવૃત્તિ પર કેન્દ્ર સરકારે તાત્કાલિક ધોરણે કાયદાકીય અને કડક નિયંત્રણો મૂકવા જ જોઈએ. સ્થાનિક નાગરિકોની સુવિધા માટે અમે શહેરમાં પૂરતી વૈકલ્પિક વ્યવસ્થા જાળવી રાખી છે.

કટોકટીના સમયમાં દર્દીઓને તકલીફ ન પડે તે માટે એસટી રોડ પર આવેલી પટેલ મેડિકલ એજન્સી, બસ સ્ટેન્ડ ચોકમાં આવેલો જનરલ મેડિકલ સ્ટોર, ટાવર રોડ પર આવેલો ધી ન્યુ મેડિકલ સ્ટોર અને ચક્કરગઢ રોડ પર આવેલો ગણેશ મેડિકલ સ્ટોર ખાસ ખુલ્લા રાખવામાં આવ્યા હતા.

# હાલ અમદાવાદ રહેતા મુંજાણીયા ગામના વેપારીને "તમે રસ્તો કેમ રોકીને બેઠા છો?" કહી ધમકી આપી

ધારી, તા. ૨૦

હાલ અમદાવાદ રહેતા મુંજાણીયા ગામના વેપારીને "તમે રસ્તો કેમ રોકીને બેઠા છો?" તેમ કહી ધમકી આપી હતી. આ મામલે બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી.અમદાવાદના નિકોલમાં રહેતા અને મૂળ મુંજાણીયા ગામના વેપારી સુરેશભાઈ ગોકળભાઈ માલાણીએ શામજીભાઈ દેવશીભાઈ બાંભરોલીયા તથા અશ્વીનભાઈ દેવશીભાઈ બાંભરોલીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા સાક્ષી મુંજાણીયા ગામે પંચાયતનું બોરનું કામ ચાલુ હોવાથી ત્યાં બેઠા હતા. આરોપીઓ ત્યાંથી પોતાની મોટર સાઈકલ લઈને નીકળ્યા હતા અને તેમને તથા સાક્ષીને "તમે રસ્તો કેમ રોકીને બેઠા છો?" તેમ કહી ખરાબ ગાળો આપી હતી. તેમજ તેમને બે લાફા માર્યા હતા તથા ઢીકાપાટુનો માર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.જે બાદ શામજીભાઈ દેવશીભાઈ બાંભરોલીયાએ સુરેશભાઈ ગોકળભાઈ માલાણી તથા અનિરૂધ્ધભાઈ અમકુભાઈ વાળા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના દીકરા આરોપીના કેસમાં અગાઉ સાક્ષી તરીકે રહ્યા હતા, જે બાબતનું જૂનું મનદુઃખ રાખી આરોપીએ જેમ ફાવે તેમ ખરાબ ગાળો આપી તથા ગાલ ઉપર ત્રણ લાફા માર્યા હતા. તેમજ આડેધડ ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# બાબરાના ગમા પીપળીયા-વાવડી માર્ગ પર રૂ. ૯૦ લાખના ખર્ચે નવો પુલ મંજૂર

બાબરા, તા. ૨૦

બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત ધારાસભ્ય જનક તળાવીયાના અથાગ પ્રયાસોથી ગમા પીપળીયા-વાવડી માર્ગ પર રૂ. ૯૦ લાખના ખર્ચે નવો પુલ મંજૂર કરવામાં આવ્યો છે. આ પુલના નિર્માણથી સ્થાનિક જનતાની વર્ષો જૂની માંગ પૂર્ણ થશે. આ માર્ગ પર ચોમાસામાં પાણી ભરાવાને કારણે વાહનવ્યવહાર અટકી જતો હતો, જેના લીધે વિદ્યાર્થીઓ, ખેડૂતો અને દૂધ ઉત્પાદકોને ભારે મુશ્કેલી પડતી હતી. હવે આ પુલ બનવાથી બારમાસી વાહનવ્યવહાર સરળ અને સુરક્ષિત બનશે. ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું કે



ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે મજબૂત રસ્તા-પુલ અનિવાર્ય છે અને સરકારમાં રજૂઆત કરીને આ કામ મંજૂર કરાવ્યું છે. આ પુલથી ખેડૂતોને ખેતઉત્પાદન બજાર સુધી પહોંચાડવામાં સરળતા રહેશે તેમજ આરોગ્ય, શિક્ષણ અને વેપાર ક્ષેત્રે મોટો સુધારો થશે. સ્થાનિક ગ્રામજનોએ સતત વિકાસ કાર્યો બદલ ધારાસભ્યનો આભાર માન્યો છે.

# અમરેલીના કલેક્ટરે ઓનલાઈન સ્વ-ગણતરીની પ્રક્રિયા પૂર્ણ કરી

અમરેલી,તા.૨૦

ભારત સરકાર દ્વારા હાથ ધરાનાર રાષ્ટ્ર નિર્માણની અત્યંત મહત્વપૂર્ણ પ્રક્રિયા 'વસ્તી ગણતરી-૨૦૨૭' અંતર્ગત ગુજરાતમાં ઓનલાઈન સ્વ-ગણતરી **(Self Enumeration)** નો પ્રારંભ થયો છે. આ અંતર્ગત અમરેલી જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજે જાતે ઓનલાઈન પોર્ટલ પર જઈને પોતાના પરિવારની સ્વ-ગણતરીની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. કલેક્ટરે જણાવ્યું હતું કે, ૧૭ મે થી ૩૧ મે, ૨૦૨૬ દરમિયાન નાગરિકો ૨૪ કલાકમાં ગમે ત્યારે **[https://se.census.gov.in](https://se.census.gov.in)** પોર્ટલ પર જઈને ઘેર બેઠા સરળતાથી સ્વ-ગણતરી કરી શકશે. આ પ્રક્રિયા માટે કોઈ દસ્તાવેજ અપલોડ કરવાના રહેશે નહીં. પ્રક્રિયા પૂર્ણ થતાં જ એક યુનિક **SEID** (સેલ્ફ એન્યુમરેશન આઈડી) મળશે, જે બાદમાં ઘરે આવનાર ગણતરીદારને બતાવવાનો રહેશે. આ પ્રક્રિયાને અત્યંત સરળ, ઝડપી અને સુરક્ષિત ગણાવી તેમણે ઉમેર્યું કે કોઈ પણ મૂંઝવણના સમયે ટોલ ફ્રી નંબર ૧૮૫૫ પર મદદ મેળવી શકાશે.

# ઘઉંની ટેકાના ભાવે ખરીદીની મુદત ૧૫ જૂન સુધી લંબાવાઈ

અમરેલી,તા.૨૦

રાજ્ય સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સિઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમને નોડલ એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવી છે. ખેડૂતોને લઘુતમ ટેકાના ભાવનો પૂરતો લાભ મળી શકે તે હેતુથી ઘઉંની ખરીદીની સમયમર્યાદા લંબાવવામાં આવી છે. સરકારી યાદીમાં છાપકામની ક્ષતિને લીધે વર્ષ '૨૦૬' લખાયું હતું, જે વાસ્તવમાં વર્ષ ૨૦૨૬ છે. આમ, ઘઉંની ખરીદીની આખરી મુદત ૧૫.૦૫.૨૦૨૬થી વધારીને હવે ૧૫.૦૬.૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. આ મહત્વપૂર્ણ નિર્ણય અંગે અમરેલીના નાયબ જિલ્લા મેનેજરશ્રીએ સત્તાવાર યાદી જાહેર કરીને તમામ ખેડૂત મિત્રોને આ સુધારા સાથેની નવી મુદતની નોંધ લેવા ખાસ અનુરોધ કર્યો છે.

**દામનગરમાં અકસ્માત થાય તે પહેલા વીજપોલ હટાવવા માંગ**



દામનગર શહેરમાં બસ સ્ટેન્ડની સામે હાઈવે ઉપરનો પોલ નમી જતા અકસ્માત થવાનો ભય સતત રહ્યાં કરતો હોય, તાત્કાલિક અસરથી સીધો કરવામાં આવે અથવા ઉતારી લેવામાં આવે એવી માંગ કરવામાં આવી છે.

## લાઠીના છભાડીયા ગામે આગમાં ૨૦૦ મણ નીરણ બળીને ખાખ

લાઠી, તા. ૨૦

લાઠીના છભાડીયા ગામે રહેતા રમેશભાઈ વાલજીભાઈ મેવાડાએ (ઉ.વ. ૪૨) જાહેર કર્યા મુજબ, બે દિવસ પહેલાં તેમની વાડીએ કોઈ કારણસર આગ લાગતાં આશરે ૨૦૦ મણ જેટલી નીરણ બળીને ખાખ થઈ ગઈ હતી. જેના કારણે તેમને એક લાખ રૂપિયાનું નુકસાન થયું છે.

## સાવરકુંડલામાં એસ.ટી. બસ સ્ટેન્ડ પાછળથી ૩૫ લીટર દેશી દારૂ પકડાયો

સાવરકુંડલા, તા. ૨૦

અમરેલી જિલ્લામાં ત્રણ સ્થળેથી પોલીસે ૪૦ લીટર દેશી દારૂ જપ્ત કર્યો હતો. સાવરકુંડલામાં મોટા એસ.ટી. બસ સ્ટેન્ડ પાછળથી ૩૫ લીટર દેશી દારૂ પકડાયો હતો. જ્યારે જાળીયા ગામેથી ૨ લીટર તથા વંડા ગામેથી ૩ લીટર દેશી દારૂ મળ્યો હતો. અમરેલીમાંથી ૩ સહિત જિલ્લામાંથી ૧૨ લોકો દારૂ પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# ખેડૂતોને કેરબામાં ડીઝલ ભરી આપવા કાંતિભાઈ સતાસીયાએ કરી રજૂઆત

**ખેડૂતોના પ્રશ્ને બગસરા મામલતદારને ધગધગતો પત્ર પાઠવ્યો**

બગસરા, તા. ૨૦

અમરેલી લોકસભા ઈન્ચાર્જ અને આમ આદમી પાર્ટીના આગેવાન કાંતિભાઈ સતાસીયાએ બગસરા મામલતદારને ખેડૂતોની મુશ્કેલી અંગે વિગતવાર પત્ર પાઠવ્યો છે પત્રમાં કાંતિભાઈ સતાસિયાએ જણાવ્યું છે કે ચોમાસુ નજીકમાં છે અને ખેડૂતોને આગોતરું વાવેતર કરવા માટે ખેતી કામ તૈયાર કરવા માટે ટ્રેક્ટર માં ડીઝલની તાતી જરૂરિયાત હોય ત્યારે કોઈપણ વિસ્તારમાં ખેડૂતોને પેટ્રોલ પંપ પર કેરબામાં ડીઝલ



આપવામાં આવતું નથી અને ટ્રેક્ટર લઈને ડીઝલ પુરાવવાનો આગ્રહ રાખવામાં આવે છે જેના કારણે વધુ ડીઝલ પેટ્રોલ પંપ સુધી પહોંચવામાં જ વેડફાઈ જાય છે જેથી ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોને શહેર સુધી ટ્રેક્ટર લાવવું શક્ય ન હોય તો પેટ્રોલ પંપ પર કહેવામાં ડીઝલ ભરી આપવામાં આવે તેવી અંતમાં રજૂઆત કરવામાં આવી છે.

## જિલ્લામાં ઉંદર પકડવા માટેના ગ્લુટ્રેપના વેચાણ પર પ્રતિબંધ

અમરેલી,તા.૨૦

અમરેલી સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં ઉંદર પકડવા માટે વપરાતા ગ્લુટ્રેપના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ગુંદરવાળી પટ્ટીઓ પર ચોંટી જવાને કારણે ઉંદરો ગૂંગળામણ અને તરસથી અત્યંત દર્દનાક રીતે મૃત્યુ પામે છે. ઉંદરોનો ત્રાસ અટકાવવો અને તેમનું નિયંત્રણ કરવું જરૂરી છે, પરંતુ તેના માટે ક્રૂર પતિઓ અપનાવવી એ પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ની કલમ-૧૧ મુજબ સંપૂર્ણપણે ગેરકાયદેસર અને દંડનીય ગુનો છે. અમરેલી જિલ્લા નાયબ પશુપાલન નિયામકશ્રીએ સત્તાવાર અખબારી યાદી દ્વારા સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ વેપારી આ નિયમનો ભંગ કરીને ગ્લુટ્રેપનું વેચાણ કરતા પકડાશે, તો તેમની સામે કાયદેસરની કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.








# વડિયામાં ઈકો કારની ટક્કરે બાઈક ચાલક પરપ્રાંતિય યુવકનું કરુણ મોત

વડિયા,તા.૨૦



અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક વડિયાથી ચારણીયા તરફ જવાના રોડ પર રાત્રિના આશરે નવ વાગ્યે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. એક પરપ્રાંતિય મજૂર યુવાન પોતાનું બાઈક લઈને વડિયા તરફ આવી રહ્યો હતો, ત્યારે પૂરપાટ ઝડપે ધસી આવેલી એક ઈકો કારે તેને જોરદાર હડફેટે લીધો હતો. આ અકસ્માતમાં બાઈક ચાલક યુવાનને માથાના ભાગે અત્યંત ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માતની જાણ થતાં જ આસપાસના લોકો અને સ્થાનિક પોલીસ તાત્કાલિક દોડી આવ્યા હતા. પોલીસે મૃતદેહને વડિયા સિવિલ હોસ્પિટલ ખસેડી પીએમ અર્થેની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતક યુવાનની ઓળખ ૨૫ વર્ષીય અર્જુન કાળુભાઈ ખરટે તરીકે થઈ છે. વડિયા પોલીસે તેના ભાઈ ભીમભાઈ ખરટેની ફરિયાદના આધારે **GJ-06-JQ-0569** નંબરની ઈકો કારના ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે. સ્થાનિકોમાં માતેલા સાંઢની જેમ દોડતા વાહનો સામે કડક પોલીસ કાર્યવાહી કરવાની માંગ પ્રબળ બની છે.

# બગસરા નગરપાલિકામાં પાણીના ધાંધીયાથી મહિલાઓનો હોબાળો

બગસરા,તા.૨૦


તસવીર : હાર્દિક બામટા

બગસરા નગરપાલિકા દ્વારા મંગળવારે જ નવા પ્રમુખની વરણી કરવામાં આવી હતી, પરંતુ આ જ દિવસે પાલિકાની વહીવટી શિથિલતા પણ સપાટી પર આવી ગઈ છે. શહેરના આવાસ કોલોની વિસ્તારમાં લાંબા સમયથી અનિયમિત પાણી મળતું હોવાના કારણે સ્થાનિક મહિલાઓએ ભારે હોબાળો મચાવ્યો હતો અને પાલિકા વિરુધ્ધ 'હાય હાય' ના નારા લગાવી પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો. આ સમગ્ર મામલે જ્યારે પાણી વિતરક કર્મચારીને પૂછવામાં આવ્યું, ત્યારે તેણે ટેકનિકલ ખામીનું બહાનું કાઢતા જણાવ્યું કે મોટરનું સ્ટાર્ટર બળી ગયું છે. જો કે, ત્યાં હાજર એક જાગૃત નાગરિકે જ્યારે ઘટનાસ્થળે જઈને ખાતરી કરી, ત્યારે પાણીની મોટર બિલકુલ ચાલુ હાલતમાં જોવા મળી હતી. આ ઘટનાથી સાબિત થાય છે કે કર્મચારીઓ પોતાની ફરજ પ્રત્યે કેટલા નિષ્કાળજી દાખવે છે, જેથી લોકોમાં આવા જવાબદાર તત્વો સામે કડક પગલાં લેવાની માંગ ઉઠી છે. બીજી તરફ, બગસરા નગરપાલિકાના નવનિયુક્ત પ્રમુખ નીરવભાઈ ગોંડલીયાનું આ બાબતે ધ્યાન દોરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આજથી આ વિસ્તારના લોકોને નિયમિત પાણી મળતુ થઈ જશે.

# ભુરખીયા હનુમાનજી મંદિરે આજે નેત્ર નિદાન કેમ્પ યોજાશે

લાઠી,તા.૨૦

લાઠી તાલુકાના પ્રસિધ્ધ ભૂરખીયા હનુમાનજી દાદાના મંદિરે આગામી તા. ૨૧ ગુરુવારના રોજ ૯૮મો વિના મૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાશે. મુંબઈના રમાબેન અનિલભાઈ પારેખ પરિવારના આર્થિક સહયોગથી આયોજિત આ કેમ્પ સવારના ૮ થી બપોરના ૧૨ વાગ્યા સુધી ચાલશે. લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી), ભૂરખીયા મંદિર ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલીના સંયુક્ત ઉપક્રમે યોજાનારા આ કેમ્પમાં જરૂરિયાતમંદ દર્દીઓને વિના મૂલ્યે મોતીયાના ઓપરેશન કરી આપવામાં આવશે તથા નંબરના ચશ્મા રાહત ભાવે બનાવી અપાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા તમામ દર્દીઓએ પોતાના જરૂરી ઓળખના પુરાવા સાથે સમયસર ઉપસ્થિત રહેવા આયોજકો દ્વારા અનુરોધ કરાયો છે.

# લાઠી પંથકમાં પરિણીતાના AIથી બિભત્સ ફોટા બનાવી વાયરલ કર્યા

**એક લાખની ખંડણી માંગી, જાનથી મારી નાખવાની ધમકી આપી**

લાઠી, તા. ૨૦

લાઠી પંથકમાં AIના દુરુપયોગ દ્વારા એક મહિલાને બદનામ કરી બ્લેકમેલ કરવાનો અને સમગ્ર પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આરોપીએ મહિલાના નકલી બિભત્સ ફોટા બનાવી તેને સોશિયલ મીડિયા પર વાયરલ કરી રૂ. ૧,૦૦,૦૦૦ની ખંડણી માંગતા ચકચાર મચી ગઈ હતી. આ અંગે મહિલાએ લાઠી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. હાલ સુરત રહેતા અને મૂળ બાબરાના ઈશ્વરીયા ગામના અશોકભાઈ કાળુભાઈ ગેલાણી (ઉં.વ. ૪૬) સામે નોંધાયેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ મહિલાનો યેનકેન પ્રકારે પીછો કરીને લાંબા સમયથી હેરાન-પરેશાન કરવાનું શરૂ કર્યું હતું. જોકે, મહિલા આરોપીની કોઈ ધમકી કે વાતને તાબે થઈ નહોતી. જેનાથી ઉશ્કેરાઈને આરોપીએ મહિલાને સમાજમાં બદનામ કરવાનું હીન કાવતરું ઘડ્યું હતું. મહિલા પોતાની વાતમાં ન આવતા આરોપીએ AI ટેક્નોલોજીનો સહારો લીધો હતો. આરોપીએ ભોગ બનનાર મહિલાના ફોટાને એડિટ કરીને વાયરલ કરી દીધો હતો. ફોટો વાયરલ કર્યા બાદ આરોપીએ રૂ. ૧,૦૦,૦૦૦ની માંગણી કરી હતી, તેમજ તેને તથા તેના પતિ અને દીકરાને જાનથી મારી નાખવાની તથા આખી જિંદગી જેલમાં નખાવી દેવાની ધમકી આપી હતી. લાઠી પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.બી. ઔસુરા વધુ તપાસ કરી રહ્યા છે.

# ડીઝલ કેમ ઓછું ભર્યું કહેતા ગાળો આપી પેટમાં પાટુ માર્યું

દામનગર, તા.૨૦

દામનગરમાં રહેતા અબ્દુલભાઈ નુરમહમદભાઈ ડેરૈયા (ઉ.વ.૬૦) ધ્રુફણીયા રોડ પર આવેલા એક પેટ્રોલ પંપ પર ડીઝલ પૂરવા ગયા હતા. તેમણે ૧૦૦૦ રૂપિયાનું ડીઝલ પૂરવા કહ્યું હતું, જ્યારે ડીઝલ પૂરનારા માણસે ૯૦૦ રૂપિયાનું ડીઝલ પૂર્યું હતું. તેમણે કહ્યું કે, "૯૦૦ રૂપિયાનું ડીઝલ કેમ ભર્યું?" જેથી ડીઝલ ભરનારે તેમને ગાળો આપી, પેટના ભાગે પાટુ માર્યું હતું, તેમજ ઢીકાપાટુનો માર મારી મૂંઢ ઈજા પહોંચાડી હતી.


શ્રેષ્ઠ શિક્ષણ... શ્રેષ્ઠ પરિણામ...
વિનાયક કોમર્સ કલાસીસ
: ઉચ્ચતર માધ્યમિક વિભાગ : ધોરણ 11-12 (આંકડાશાસ્ત્ર અને એકાઉન્ટ)
વ્યાજબી ફી | ઉત્તમ શિક્ષણ
: કોલેજ વિભાગ : B.Com. - M.Com. (એકાઉન્ટ)
સંપર્ક : ડૉ. એન.વી. ગજેરા (M.Com., M.Ed., Ph.D.)
Mo. 91061 56315 | 99098 09856
સ્થળ : 8, શિવશક્તિ કોમ્પલેક્ષ, લાઠી રોડ, અમરેલી.


# વાંકીયા ખાતે રાષ્ટ્રીય ડેંગ્યુ દિવસની ઉજવણી કરી ૧૦૦થી વધુ ઘરોમાં આરોગ્ય શિક્ષણ અપાયું

વાંકીયા, તા.૨૦

વાંકીયા ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર. એમ. જોષી અને અન્ય તબીબી અધિકારીઓના માર્ગદર્શન હેઠળ 'રાષ્ટ્રીય ડેંગ્યુ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ અંતર્ગત મચ્છરોનો ઉપદ્રવ રોકવા માટે ૨૦થી વધુ ઘરોના ખુલ્લા ભાગોમાં પોરાભક્ષક માછલીઓ મૂકવામાં આવી હતી. સ્થાનિક આરોગ્ય કર્મચારીઓ અને આશા બહેનો દ્વારા ૧૦૦થી વધુ ઘરોમાં રૂબરૂ જઈને તેમજ સોશિયલ મીડિયાના માધ્યમથી ડેંગ્યુ અટકાવવા અંગે લોકજાગૃતિ ફેલાવવામાં આવી હતી. સુપરવાઈઝર જી.ડી. ભગત દ્વારા આશા બહેનોને ડેંગ્યુ નિયંત્રણ 'ડ્રાય ડે'ની ઉજવણી અને શાળાઓમાં આરોગ્ય શિક્ષણ આપવા અંગે વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

## અવસાન નોંધ

**બગસરા**

ગોંડલ નિવાસી રંજનબેન (રસીલાબેન) જમનાદાસ મોડાસરા ઉ.વ. ૭૫ તે સ્વ. તુલસીદાસ પ્રભુદાસ ભાનાણી તથા રસિકલાલ પ્રભુદાસ ભાનાણીના બહેન તેમનો તારીખ ૧૯-૫-૨૦૨૬ ને મંગળવારે સ્વર્ગવાસ થયેલ છે. તેમની સાદડી તારીખ ૨૧-૫-૨૦૨૬ ને ગુરુવારે સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦ કલાકે બગસરા મુકામે તથા સાંજે ૪:૩૦ થી ૬:૩૦ રાજકોટ મુકામે રાખેલ છે.

# સાવરકુંડલામાંથી યુવતી ગૂમ

સાવરકુંડલા, તા. ૨૦

સાવરકુંડલામાં રહેતી એક યુવતી ઘરેથી નીકળી ગઈ હતી. પરિવારજનો દ્વારા શોધખોળ કરવા છતાં તેની કોઈ ભાળ ન મળતાં આખરે પોલીસને જાણ કરાઈ હતી. રમેશભાઈ મનુભાઈ ડુબાણીયા (ઉ.વ. ૪૫)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી કૃપાલીબેન (ઉ.વ. ૨૦) ઘરેથી કોઈને કાંઈ પણ કહ્યા વગર ક્યાંક ચાલી ગઈ હતી.


સંકુલ KG થી ધો. ૫ પ્રવેશ
GM કન્યા કુમાર સવાર
GM કન્યા કુમાર બપોર
EM કન્યા કુમાર સવાર
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી.- Ad073





BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.





અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.



શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વૉટરપ્રુફ
રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ ક્વોલિટી | વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363



ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents | ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/-માં પ્રીમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રીમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રીમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601


## -//શ્રીએમ.ડી.ભાલોડી, એકઝીક્યુટીવમેજીસ્ટ્રેટઅનેમામલતદાર, ખાંભા, ખાંભાનીકોર્ટ//-

નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.કેસ નં.-૩૬/૨૦૨૬ તા. ૧૬/૦૫/૨૦૨૬

અરજદાર :- શ્રી શાંતુબેન શામજીભાઈ વાઢેર,
રહે.બારમણ મોટા, તા.ખાંભા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :-જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
અને
તલાટી કમ મંત્રી શ્રી, બારમણ મોટા, તા.ખાંભા

**- નોટીસ -**

જન્મ મરણ નોંધણી અધિનિયમ -૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસથી આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી શાંતુબેન શામજીભાઈ વાઢેરના સાસુ સ્વ. કુવરબેન વાલાભાઈ વાઢેરનું અવસાન તા. ૩૦-૦૪-૧૯૯૨ના રોજ બારમણ મોટા મુકામે થયેલ. પરંતુ જે-તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ જન્મ મરણ નોંધણી રજિસ્ટ્રારશ્રીના રેકોર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ અંગે હુકમ થવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને ખાંભાની કચેરી, ખાંભાની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ ૧૯/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
(એમ.ડી.ભાલોડી)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર ખાંભા તાલુકા

## -//શ્રીએમ.ડી.ભાલોડી, એકઝીક્યુટીવમેજીસ્ટ્રેટઅનેમામલતદાર, ખાંભા, ખાંભાનીકોર્ટ//-

નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.કેસ નં.-૩૭/૨૦૨૬ તા. ૧૬/૦૫/૨૦૨૬

અરજદાર :- શ્રી ઈસ્માલભાઈ ગુલાબભાઈ ધંધુકીયા,
રહે.ડેડાણ, તા.ખાંભા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :-જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
અને
તલાટી કમ મંત્રી શ્રી, ખાંભા, તા.ખાંભા

**- નોટીસ -**

જન્મ મરણ નોંધણી અધિનિયમ -૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસથી આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ઈસ્માલભાઈ ગુલાબભાઈ ધંધુકીયાના જન્મ તા. ૦૧-૦૬-૧૯૬૦ના રોજ ખાંભા મુકામે થયેલ. પરંતુ જે-તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ જન્મ મરણ નોંધણી રજિસ્ટ્રારશ્રીના રેકોર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ અંગે હુકમ થવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને ખાંભાની કચેરી, ખાંભાની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ ૧૯/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
(એમ.ડી.ભાલોડી)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર ખાંભા તાલુકા

## //એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//

અપીલ અરજી. નં.૩૦/૨૦૨૬

અરજદાર :- શ્રી વિનુભાઈ બાવભાઈ લિમ્બાસીયા,
રહે.ગજેરાપરા, કુંડલા રોડ, અમરેલી
તા./જિ.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મું.અમરેલી, તા./જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં વિનુભાઈ બાવભાઈ લિમ્બાસીયા તેમના ભાઈશ્રી રતિલાલ બાવભાઈ લિંબાસીયા ની મરણ (તા.૦૫/૦૫/૨૦૦૯) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(કે.કે.દવે)
એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર

## //એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૪૬/૨૦૨૬

અરજદાર :- શ્રી કનુભાઈ ઉકાભાઈ ચોવટીયા
રહે.રંગપુર, તા.જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.રંગપુર, તા.જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના રંગપુર ગામમાં અરજદાર શ્રી કનુભાઈ ઉકાભાઈ ચોવટીયાએ તેઓની પોતાની જન્મ (તા.૦૧/૦૬/૧૯૫૬) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૬/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**તંત્ર અને કોન્ટ્રાક્ટરની બેદરકારીને કારણે યુવકનો ભોગ લેવાયો**

# ડેડાણ-રાયડી રોડ પર ખાડામાં બાઈક ખાબકતા યુવકનું મોત

ખાંભા, તા. ૨૦

ડેડાણ અને રાયડી ગામ વચ્ચે ચાલી રહેલા પુલના કામમાં કોન્ટ્રાક્ટરની ગુનાહિત બેદરકારી સામે આવી છે. રોડ પર કોઈપણ પ્રકારના સાઈન બોર્ડ, ડાયવર્ઝન કે રિફ્લેક્ટર લગાવ્યા વગરના જીવલેણ ખાડાના કારણે એક મોટરસાયકલ ચાલક યુવકનું કરૂણ મોત નીપજ્યું હતું, જ્યારે બાઈક પાછળ બેસેલા અન્ય એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચી છે.આ મામલે ઘનશ્યામભાઈ મંગાભાઈ વાળા (ઉ.વ.૨૨)એ રાયડી-ડેડાણ વચ્ચે પુલનો કોન્ટ્રાકટ રાખનાર શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ મુજબ, બે દિવસ પહેલા રાત્રે તેઓ અને મૃતક બંને મિત્રો બાઈક લઈને પાટી ગામથી ડેડાણ ગામે નાસ્તો કરવા માટે ગયા હતા. ડેડાણ ખાતે નાસ્તો કર્યા બાદ મૃતક યુવક બાઈક ચલાવીને પરત પાટી ગામ તરફ જઈ રહ્યો હતો. બંને મિત્રો જ્યારે ડેડાણથી રાયડી ગામ વચ્ચે પહોંચ્યા, ત્યારે રોડ પર ધૂળ અને માટીના બે નાના કાચા બમ્પ બનાવેલા હતા, જે રાતના અંધારામાં સ્પષ્ટ નજરે પડે તેમ નહોતા.આ બમ્પ ક્રોસ કરીને બાઈક આગળ વધી ત્યારે રોડની વચ્ચે જ માટીનો મોટો ઢગલો હતો અને પુલના કામકાજ અન્વયે મોટો ખાડો ખોદવામાં આવ્યો હતો. આ સીધો રોડ હોવાથી ચાલકને આગળ ખાડો હોવાનો કોઈ અંદાજ આવ્યો નહોતો અને બાઈક સીધી જ ખાડામાં ખાબકી ગઈ હતી.

અકસ્માતમાં મોટરસાયકલ ચાલક યુવકને માથાના તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે પાછળ બેસેલા ફરિયાદીને નાની-મોટી ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

# બાબરામાં ડીઝલની તંગીથી ટ્રાન્સપોર્ટ વ્યવહાર ખોરવાતા મોટા ઉદ્યોગો સંકટમાં

બાબરા, તા. ૨૦

બાબરા અને તેની આસપાસના વિસ્તારોમાં ડીઝલની ભારે અછત સર્જાવાને કારણે ટ્રાન્સપોર્ટ વ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે. માલસામાનની સમયસર હેરફેર ન થવાને લીધે મોટા ઉદ્યોગોની ઉત્પાદન પ્રક્રિયા પર માઠી અસર પડી છે. સ્થાનિક ટ્રકચાલકો અને ટ્રાન્સપોર્ટરો ભારે રોષે ભરાયા છે, કારણ કે પૂરતું ડીઝલ ન મળવાને કારણે તેમને પોતાના વાહનો થંભાવી દેવાની ફરજ પડી રહી છે.આ ગંભીર પરિસ્થિતિને કારણે અનેક કારખાનાઓમાં કામકાજ ધીમું પડી ગયું છે અને કેટલાક એકમો તો સાવ બંધ થવાના આરે પહોંચી ગયા છે. ઈંધણ પુરવઠાની આ સમસ્યાને લીધે ટ્રાન્સપોર્ટ ક્ષેત્ર સાથે જોડાયેલા હજારો શ્રમિકો અને ચાલકોની રોજીરોટી છીનવાઈ જવાનો ભય ઊભો થયો છે. વેપારીઓ અને ઉદ્યોગપતિઓ ચિંતા વ્યક્ત કરી રહ્યા છે કે જો આ સ્થિતિ લાંબો સમય ચાલશે તો આર્થિક મહામંદી આવી શકે છે. આથી, ટ્રાન્સપોર્ટ એસોસિએશને સરકાર સમક્ષ ડીઝલનો પુરવઠો તાત્કાલિક પૂર્વવત કરવા અને ઉદ્યોગોને બચાવવા માટે યોગ્ય પગલાં ભરવા રજૂઆત કરી છે.

# અમરેલીની પરિણીતાને અમદાવાદમાં સાસરિયાએ જાનથી મારવાની ધમકી આપી

અમરેલી, તા. ૨૦

અમરેલીની પરિણીતાને અમદાવાદમાં સાસરિયાએ જાનથી મારવાની ધમકી આપી હતી. રવિનાબેન પ્રશાંતભાઈ ચાવડા (ઉ.વ. ૨૮)એ અમદાવાદના બહેરામપુરામાં રહેતા પ્રશાંતભાઈ જીવરાજભાઈ ચાવડા, જીવરાજભાઈ ચાવડા, હંસાબેન જીવરાજભાઈ ચાવડા અને ટીનાબેન જીવરાજભાઈ ચાવડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીઓએ છેલ્લા દોઢેક વર્ષથી તેમને ગાળો આપી, શરીરે ઢીકાપાટુનો માર માર્યો હતો તેમજ શારીરિક,માનસિક ત્રાસ આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. જે. ગોંડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરા-વાસાવડ રોડ પર ડાયવર્ઝન પર પાકા ડામર રોડ બનાવવામાં આવ્યા

બાબરા,તા.૨૦


તસવીર : દિપક કનૈયા

બાબરા-વાસાવડ રોડ પર બ્રિજના કામો ચાલતા હોવાથી ચમારડી અને વાવડી વચ્ચે કાચા ડાયવર્ઝનને કારણે લોકોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. આ ગંભીર સમસ્યા અંગે ચૂંટણી દરમિયાન જિલ્લા પંચાયત સદસ્ય મીનાબેન પ્રભાતભાઈ કોઠીવાળે માર્ગ અને મકાન વિભાગને સચોટ રજૂઆત કરી હતી. જેના પરિણામે વહીવટી તંત્ર દ્વારા ત્રણેય ડાયવર્ઝન પાકા ડામરના બનાવી દેવામાં આવ્યા છે. જિલ્લા પંચાયત સદસ્યના પ્રતિનિધિ પ્રભાતભાઈ કોઠીવાળ, તાલુકા ભાજપ મંત્રી જયસુખભાઈ રામાણી અને જયેશભાઈ સુતરીયાએ આ સ્થળની રૂબરૂ મુલાકાત લઈને કામગીરીની સમીક્ષા કરી હતી. આ કામમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તેમજ ભરતભાઈ સુતરીયાએ પણ વ્યક્તિગત રસ દાખવ્યો હતો. જનપ્રતિનિધિઓએ ચૂંટણીમાં આપેલું વચન પાળી બતાવતા સ્થાનિકો અને હજારો વાહનચાલકોમાં ભારે હર્ષની લાગણી ફેલાઈ છે.

# મેવાસાથી વાંશીયાળી ગામ વચ્ચે વાડી વિસ્તારમાંથી પાંચ પત્તાપ્રેમી પકડાયા

વંડા, તા. ૨૦

મેવાસાથી વાંશીયાળી ગામ વચ્ચે વાડી વિસ્તારમાંથી પોલીસે ૫ પત્તાપ્રેમીને રોકડા રૂ. ૩૧,૫૦૦ સાથે ઝડપી પાડ્યા હતા.

લખુભાઈ વિક્રમભાઈ સાંગડ, મનુભાઈ બચુભાઈ ખુમાણ, ખોડુભાઈ હરસુરભાઈ સાંઢસુર, મધુભાઈ બચુભાઈ સાંઢસુર તથા હનુભાઈ બાપુભાઈ ખુમાણ, મેવાસાથી વાંશીયાળી ગામ વચ્ચે વાડી વિસ્તારમાં નરેશભાઈ મૈત્રા (પિયાવા વાળા)ની વાડીની બાજુમાં અડીને આવેલી નદીના ખુલ્લા પટમાં જાહેરમાં ગેરકાયદે જુગાર રમતાં રોકડા રૂ. ૩૧,૫૦૦ સાથે ઝડપાયા હતા.

વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. એમ. વિંઝુડા વધુ તપાસ કરી રહ્યા છે.

# ચલાલામાં માસિયાઈ ભાઈઓ વચ્ચે બબાલમાં ગાળાગાળી

ચલાલા, તા. ૨૦

ચલાલામાં એક જ સોસાયટીમાં રહેતા માસિયાઈ ભાઈઓ વચ્ચે બબાલ થઈ હતી. આ દરમિયાન મા-બહેન સામે ગાળો આપી, લોખંડના પાઈપના ઘા ઝીંકી એક યુવકનું કપાળ તોડી નાખવામાં આવ્યું હતું. આ અંગે જગદીશભાઈ કાળુભાઈ સીસણાદા (ઉ.વ. ૩૩)એ અતુલભાઈ ચંદુભાઈ વાઘેલા, દિલીપભાઈ ચંદુભાઈ વાઘેલા, રાજેશભાઈ ઉર્ફે ભાવેશભાઈ વાઘેલા, ચંદુભાઈ નાથાભાઈ વાઘેલા, બાલુભાઈ નાથાભાઈ વાઘેલા તથા ત્રણ મહિલાઓ સહિત કુલ ૯ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ફરિયાદી તથા આરોપીઓ માસિયાઈ ભાઈઓ થાય છે અને એક જ સોસાયટીમાં રહે છે. આરોપી અતુલભાઈ અવારનવાર સાહેદ મહિલાની પાછળ પાછળ જતો હતો અને મોબાઈલ ફોનમાં વાતો કરવાનું કહીને ધમકાવતો હતો. આ અંગે અતુલભાઈને સમજાવવા જતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા. તેમણે ફરિયાદી તથા સાહેદને પોતાની મહિલાઓને કાબૂમાં રાખવાનું કહીને અપમાનિત કરી ધમકાવ્યા હતા.આરોપીઓ તેમને તથા સાહેદોને મા-બહેન સામે ભૂંડી ગાળો આપવા લાગ્યા હતા.

ફરિયાદીએ ગાળો બોલવાની ના પાડતા "અહીંયાથી જતો રહે, નહીંતર જોવા જેવી થશે" તેવી ધમકી આપી હતી. ફરિયાદીએ આરોપીને સમજાવતા કહ્યું કે, "આપણે માસિયાઈ ભાઈઓ છીએ અને આનાથી સમાજમાં બદનામી થશે." આ સાંભળી આરોપીઓ વધુ ઉશ્કેરાઈ ગયા હતા અને ઘરમાંથી લોખંડનો પાઈપ લાવી કપાળ પર એક ઘા મારી ફરિયાદીને નીચે પછાડી દીધો હતો. આ સાથે જ "આ વખતે તમે ભાઈઓ બચી ગયા, હવે પછી સામે આવ્યા તો જાનથી મારી નાખીશું" તેવી ધમકી પણ આપી હતી.

**લોખંડના પાઇપના ઘા ઝીંકી યુવકનું કપાળ તોડી નાખ્યું**

# બાબરાના વાવડી પ્રા.શાળાના નવા બિલ્ડીંગનું ખાતમુહૂર્ત કરાયુ

બાબરા,તા.૨૦


તસવીર : દિપક કનૈયા

બાબરા તાલુકાના વાવડી ગામે પ્રાથમિક શાળાના નવા બિલ્ડીંગનું ખાતમુહૂર્ત જિલ્લા પંચાયત સદસ્યના પ્રતિનિધિ પ્રભાતભાઈ કોઠીવાળના અધ્યક્ષ સ્થાને યોજાયું હતું. અંદાજે ૭૪.૮૦ લાખ રૂપિયાના ખર્ચે શાળાનું નવું ભવ્ય બિલ્ડીંગ આકાર લેશે, જેમાં નવા ૬ ઓરડા, બોયઝ-ગર્લ્સ ટોયલેટ તેમજ મધ્યાહન ભોજન રૂમના રિપેરિંગ કામનો સમાવેશ થાય છે. આ આધુનિક બિલ્ડિંગ બનવાથી વાવડી ગામના નિર્દોષ બાળકોને સુવિધા સભર શ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત થશે. આ ગૌરવશાળી પ્રસંગે પ્રભાતભાઈ કોઠીવાળ અને હિતેશભાઈ કલકાણીનું ગ્રામજનો દ્વારા ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: પાંચમ
તા.૨૧-૦૫-૨૦૨૬, ગુરુવાર, સૂર્યોદય-૦૫:૨૭,
સૂર્યાસ્ત-૦૭:૦૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પુષ્ય

## દૈનિક રાશિફળ

તા. ૨૧-૦૫-૨૦૨૬ ગુરુવાર

મેષ: તમારા નિર્ણયને સર્વોચ્ચ રાખો. કોઇ સંમેલન કે સમારોહમાં જવા માટે આમંત્રણ મળી શકે છે. આ સમયે અનેક ખર્ચ સામે આવશે .

વૃષભ: કોઇ જરૂરિયાતમંદ મિત્રની મદદ કરવાથી આત્મિક શાંતિ પ્રાપ્ત થશે. આજે દોડભાગ તથા મહેનત વધારે રહી શકેશે છે, કાર્યની સફળતા તમારો થાક દૂર કરી દેશે.

મિથુન: તમારી કાર્યકુશળતા દ્વારા આશા પ્રમાણે લાભ પણ પ્રાપ્ત થશે. તમારી યોજનાઓને શરૂ કરવાનો યોગ્ય સમય છે. લગ્નજીવન મધુર રહેશે.

કર્ક: તમારો પોઝિટિવ દૃષ્ટિકોણ પારિવારિક અને સામાજિક ગતિવિધિઓમાં યોગ્ય વ્યવસ્થા જાળવી રાખવામાં મદદ કરશે.

સિંહ: આર્થિક સ્થિતિ સારી રહેશે. નજીકના સંબંધીઓ સાથે મુલાકાત થશે અને કોઈ મુદ્દા ઉપર ચર્ચા-વિચારણાં પણ થઇ શકે છે.

કન્યા: કોઈ જૂની યોજનાને શરૂ કરવા માટેનો યોગ્ય સમય છે. આજે મનમાં કોઈ મોટી દુવિધા હશે તો તે દૂર થશે.

તુલા: છેલ્લાં થોડા સમયથી અટવાયેલાં કામોમાં ગતિ આવશે. બાળકોની સમસ્યાના સમાધાનમાં તમારો સહયોગ તેમના માટે ખૂબ જ યોગ્ય રહેશે.

વૃશ્ચિક: આજનો દિવસ ખૂબ જ વ્યસ્ત તથા લાભકારી રહેશે. ઘરની સજાવટ અંગેના કાર્યોમાં પણ સમય સારો પસાર થશે.

ધન: નવી યોજનાઓને શરૂ કરવા માટે યોગ્ય સમય છે. વડીલોના આશીર્વાદ અને સ્નેહ પરિવાર ઉપર જળવાયેલો રહેશે.

મકર: ઘણાં દિવસો પછી ઘરમાં નજીકના સંબંધીઓના આગમનથી ઉત્સવનું વાતાવરણ રહેશે. આ રાશિના જાતકો સંતુલિત પ્રવૃત્તિના હોય છે.

કુંભ: આજે તમે તમારી ચતુરાઈથી કોઇ સમસ્યાનું સમાધાન મેળવવામાં સક્ષમ રહી શકશો. જે કામ છેલ્લાં ઘણાં સમયથી અટવાયેલું હતું.

મીન: જાતકો પોતાના કાર્યો પ્રત્યે સંપૂર્ણ સજાગ રહેશે. અચાનક જ કોઇ અજાણ વ્યક્તિ સાથે મુલાકાત તમારા માટે ફાયદાકારક રહેશે.

# અમરેલીમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા બાળ યોગ સમર કેમ્પનો પ્રારંભ

અમરેલી,તા.૨૦



ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા અમરેલીના ગજેરા પરા સ્થિત બાલમુકુંદ હોલમાં ૧૫-દિવસીય'બાળ યોગ સમર કેમ્પ' નો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. વેકેશનના સમયમાં બાળકોના સશક્તિકરણ, આંતરિક શક્તિઓ ખીલવવા અને શારીરિક સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવા માટે આ કેમ્પનું આયોજન તા. ૧૮-૦૫-૨૦૨૬ થી તા. ૦૧-૦૬-૨૦૨૬ દરમિયાન સવારે ૦૭:૦૦ થી ૦૮:૦૦ વાગ્યે કરવામાં આવ્યું છે. દીપ પ્રાગટ્ય વિધિ સાથે શરૂ થયેલા આ કાર્યક્રમમાં નગરપાલિકાના નવનિયુક્ત સભ્ય જયંતિભાઈ ધાનાણી, પ્રવિણભાઈ ધાનાણી, રમેશભાઈ શિંગાળા અને કો-ઓર્ડિનેટર સાગરભાઈ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. યોગ ટીચર અનિતાબેન રામાણીના માર્ગદર્શન હેઠળ ચાલતા આ કેમ્પમાં બાળકોને સ્પોન્સર્સ દ્વારા પૌષ્ટિક આહાર અને લીંબુ શરબતનું વિતરણ પણ કરવામાં આવે છે. વાલીઓ અને બાળકોમાં આ શિબિર અંગે ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# અમરેલીની લાઠી ચોકડી પાસે ઈનોવાએ બાઈક ચાલકને ટક્કર મારતા ઈજા

અમરેલી, તા.૨૦

અમરેલીના લાઠી ચોકડી પાસે આવેલા બુલેટના શો-રૂમ નજીક હિટ એન્ડ રનની એક ઘટના સામે આવી છે. જેમાં પૂરપાટ ઝડપે આવી રહેલી એક ઈનોવા કારના ચાલકે મોટરસાયકલ સવાર વૃધ્ધને જોરદાર ટક્કર મારી દીધી હતી. અકસ્માત સર્જીને કાર ચાલક ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. મળતી માહિતી મુજબ, ડેનીશભાઈ નિલેષભાઈ આજગ્યા(ઉ.વ.૨૨)ના પિતા પોતાનું મોટરસાયકલ લઈને લાઠી ચોકડી તરફથી આવી રહ્યા હતા. તે દરમિયાન બુલેટ શો-રૂમ પાસે પહોંચતા જ સામેથી આવી રહેલી ઈનોવા કારના ચાલકે પોતાનું વાહન પૂરઝડપે, બેફિકરાઈ અને ગફલતભરી રીતે ચલાવીને વૃધ્ધને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં તેમને શરીરે નાની-મોટી ઈજાઓ થઈ હતી. અકસ્માત બાદ ઈનોવા ચાલક ફરાર થઈ ગયો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. વી. મકવાણા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# વડિયા કુંકાવાવ તાલુકામાં 'ઉત્કર્ષ ચેરિટેબલ ટ્રસ્ટ'ની કરાઈ સ્થાપના

વડિયા, તા.૨૦



અમરેલી જિલ્લાના અંતરિયાળ એવા વડિયા કુંકાવાવ તાલુકાના ગામડાઓના વિકાસ માટે 'ઉત્કર્ષ ચેરિટેબલ ટ્રસ્ટ'ની સ્થાપના કરવામાં આવી છે. જંગર ગામે શ્રી પ્રેમ નારાયણ બાપુના આશીર્વાદ અને દીપ પ્રાગટ્ય સાથે યોજાયેલી બેઠકમાં તાલુકાના આગેવાનો અને મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ટ્રસ્ટમાં તાલુકાના તમામ ગામોના પ્રતિનિધિઓને કારોબારી સભ્ય તરીકે જોડીને સેવા આપવાનો નિર્ધાર કરાયો છે. લોકોમાં એવી અપેક્ષા છે કે આ સંગઠન સંપૂર્ણપણે બિનરાજકીય રહીને, પોતાના મૂળ નીતિ-નિયમોને વળગી રહીને જ લોકહિતના કાર્યો કરશે. હવે આગામી સમયમાં આ ટ્રસ્ટ ગ્રામીણ ઉત્કર્ષ માટે કેવી કામગીરી કરે છે તેના પર સૌની નજર રહેશે.

# લીલીયાની સરકારી વિનયન કોલેજના વિદ્યાર્થીઓનો એનસીસી કેમ્પ યોજાયો

લીલીયા,તા.૨૦




લીલીયાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજના NCC કેડેટ્સે મે ૨૦૨૬માં યોજાયેલો દસ દિવસીય વાર્ષિક પ્રશિક્ષણ કેમ્પ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે. આચાર્ય ડૉ. રાજેન્દ્રસિંહ એ. રાઠોડના પ્રેરણાદાયી નેતૃત્વ અને NCC ઓફિસર ડૉ. મહેશ એસ. ગઢિયાના માર્ગદર્શન હેઠળ કેડેટ્સે રાઈફલ ફાયરિંગ, નકશા વાચન અને આપત્તિ વ્યવસ્થાપન જેવી સઘન લશ્કરી તાલીમ મેળવી હતી. છેલ્લા બે વર્ષથી કાર્યરત આ યુનિટે કેમ્પની વિવિધ રમતગમત અને સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ શિસ્ત સાથે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે.

## તંત્રી લેખ

# પશ્ચિમી નેરેટિવનું આંતરરાષ્ટ્રીય ષડયંત્ર

વર્તમાન સમયમાં ભારત વૈશ્વિક રાજનીતિમાં એક મજબૂત, આત્મનિર્ભર અને પ્રભાવશાળી રાષ્ટ્ર તરીકે ઉભરી રહ્યું છે. આર્થિક વિકાસ, વૈજ્ઞાનિક પ્રગતિ, મજબૂત વિદેશ નીતિ અને વૈશ્વિક મુદ્દાઓ પર સ્વતંત્ર અભિગમના કારણે આજે ભારતની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા સતત વધી રહી છે. જોકે, ભારતની આ વધતી અસર કેટલાક પશ્ચિમી દેશો તથા આંતરરાષ્ટ્રીય સંગઠનોને અસ્વસ્થ બનાવી રહી હોવાની ચર્ચાઓ સમયાંતરે સામે આવતી રહે છે. ખાસ કરીને સોશિયલ મીડિયા અને વૈશ્વિક મીડિયા પ્લેટફોર્મ્સ પર ભારત વિશે ઉભી થતી નકારાત્મક ચર્ચાઓને લઈને અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે.તાજેતરમાં નોર્વેની રાજધાની ઓસ્લોમાં ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતીય વિદેશ મંત્રાલયની ઉપસ્થિતિમાં યોજાયેલી એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન બનેલી ઘટના ચર્ચાનો વિષય બની હતી. એક નોર્વેજિયન મહિલા પત્રકારે ભારતમાં માનવાધિકાર સંબંધિત પ્રશ્નો પૂછ્યા હતા, જેને કેટલાક વર્ગોએ ‘‘નિર્ભય પત્રકારત્વ’’ ગણાવ્યું, જ્યારે કેટલાક લોકોએ તેને ભારતની છબીને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ ગણાવ્યો. આ ઘટનાએ ફરી એકવાર વૈશ્વિક મીડિયા અને રાજકીય નેરેટિવ અંગે ચર્ચા તેજ કરી છે.ઘણા વિશ્લેષકોનું માનવું છે કે આજના સમયમાં માત્ર સૈન્ય અથવા આર્થિક શક્તિ જ નહીં, પરંતુ ‘‘માહિતી યુધ્ધ’’ પણ આંતરરાષ્ટ્રીય રાજનીતિનું મહત્વપૂર્ણ હથિયાર બની ગયું છે. સોશિયલ મીડિયા, આંતરરાષ્ટ્રીય મીડિયા હાઉસ અને રાજકીય પ્રભાવ દ્વારા દેશોની છબી બનાવવાનો કે બગાડવાનો પ્રયાસ થતો રહે છે. ભારતે રશિયા-યુક્રેન યુધ્ધ દરમિયાન પોતાની સ્વતંત્ર વિદેશ નીતિ જાળવી રાખી હતી અને પશ્ચિમી દબાણ સામે સંતુલિત અભિગમ અપનાવ્યો હતો. આ કારણે કેટલાક આંતરરાષ્ટ્રીય વર્તુળોમાં ભારત પ્રત્યે અસંતોષ જોવા મળ્યો હોવાની ચર્ચા કરવામાં આવે છે.નોર્વે નાટો (NATO)નું સ્થાપક સભ્ય દેશ હોવાથી પણ આ સમગ્ર મુદ્દાને લઈને અનેક પ્રકારની અટકળો ચાલી રહી છે. જોકે, કોઈપણ ઘટના અંગે અંતિમ નિષ્કર્ષ પર પહોંચતા પહેલાં પૂરતા પુરાવા અને તથ્યોનું મૂલ્યાંકન કરવું જરૂરી છે. માત્ર શંકાના આધારે કોઈ વ્યક્તિ અથવા સંસ્થાને દોષી ઠેરવવું યોગ્ય નથી. પરંતુ એટલું ચોક્કસ કહી શકાય કે આજના ડિજિટલ યુગમાં વૈશ્વિક નેરેટિવ અને માહિતી પ્રભાવની લડાઈ ખૂબ જ તેજ બની ગઈ છે.ભારત સામે સમયાંતરે માનવાધિકાર, લોકશાહી અને સામાજિક મુદ્દાઓને લઈને સવાલો ઉઠાવવામાં આવે છે, પરંતુ ભારતે હંમેશા પોતાની લોકશાહી વ્યવસ્થા અને બંધારણીય મૂલ્યો પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ તરીકે ભારત સતત વિકાસના માર્ગ પર આગળ વધી રહ્યું છે અને વૈશ્વિક મંચ પર પોતાની અલગ ઓળખ બનાવી રહ્યું છે.આજની પરિસ્થિતિમાં ભારત માટે સૌથી મોટો પડકાર માત્ર બાહ્ય ટીકા નથી, પરંતુ માહિતીના યુધ્ધમાં સત્ય અને અસત્ય વચ્ચેનો ભેદ સમજવાનો છે. દેશના નાગરિકોએ પણ સોશિયલ મીડિયા અથવા આંતરરાષ્ટ્રીય પ્રચારથી પ્રભાવિત થવાના બદલે તથ્ય આધારિત અભિગમ અપનાવવો જરૂરી છે. રાષ્ટ્રીય ગૌરવ સાથે સાથે વૈશ્વિક સ્તરે જવાબદાર અને સંતુલિત દ્રષ્ટિકોણ જ ભારતને વધુ મજબૂત બનાવી શકે છે.

# ગુગલ-યુ-ટ્યુબમાં ક્રાંતિકારી ફેરફારો થઇ ચૂક્યા છે!





### પ્રાસંગિક
સુરેશ દેસાઈ

સૂર્યોદય થાય અને આંખ ઉઘડે તે પહેલાં જ ટેકનોલોજીની દુનિયામાં અચાનક મોટા પરિવર્તનો થઈ જતા હોય છે. આવો જ એક ઐતિહાસિક ફેરફાર વિશ્વની અગ્રણી ટેક કંપની ગૂગલ દ્વારા ગૂગલ આઈ/ઓ ૨૦૨૬ દરમિયાન રજૂ કરવામાં આવ્યો છે. આ ઈવેન્ટમાં રજૂ થયેલી નવીનતાઓ માત્ર ટેકનિકલ સુધારાઓ પૂરતી મર્યાદિત નથી, પરંતુ માનવજીવનની દિનચર્યાને નવી દિશા આપનારી સાબિત થઈ શકે છે. ગૂગલના સીઈઓ સુંદર પિચાઈ એ ‘એજન્ટિક જેમિની યુગ’ની જાહેરાત કરીને સ્પષ્ટ સંકેત આપ્યો કે હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માત્ર પ્રશ્નોના જવાબ આપનાર સાધન નહીં રહે, પરંતુ માનવીના વતી નિર્ણયો લઈને કાર્યો પૂર્ણ કરનાર સહાયક તરીકે કાર્ય કરશે. આ પરિવર્તન શિક્ષણ, અર્થતંત્ર, ઓફિસ સંસ્કૃતિ, ડિજિટલ કોમર્સ અને સર્જનાત્મક ક્ષેત્રોમાં ઊંડો પ્રભાવ પેદા કરશે. અત્યાર સુધી કૃત્રિમ બુધ્ધિમત્તાનો મુખ્ય હેતુ માહિતી શોધવો અથવા લખાણ તૈયાર કરવો હતો. પરંતુ હવે એઆઈ માનવની સૂચનાઓ પાછળ રહેલા મૂળ હેતુને સમજીને સ્વયં કાર્ય કરશે. ‘એજન્ટિક જેમિની’ એવી પ્રણાલી છે, જે જટિલ કાર્યોને નાના તબક્કાઓમાં વહેંચીને યોગ્ય નિર્ણય લઈ શકે છે. ભવિષ્યના કાર્યસ્થળોમાં સામાન્ય ડેટા એન્ટ્રી અથવા રૂટિન રિસર્ચ જેવા કાર્યોની જરૂરિયાત ઘટી જશે, કારણ કે એજન્ટિક એઆઈ આ બધું પલભરમાં કરી શકશે. પરિણામે, માનવી માટે વ્યૂહાત્મક વિચારસરણી, સર્જનાત્મકતા અને નિર્ણયક્ષમતા વધુ મહત્વપૂર્ણ બનશે. આ નવી ક્રાંતિ પાછળનું મુખ્ય એન્જિન ‘જેમિની ઓમ્ની’ મોડેલ છે, જેને ડેમિસ હાસાબીસ દ્વારા રજૂ કરવામાં આવ્યું. આ મોડેલ ‘મલ્ટીમોડલ ઈનોવેશન’ પર આધારિત છે. એટલે કે, તે લખાણ, ચિત્ર, અવાજ અને વિડિયો ચારેય પ્રકારની માહિતીને એકસાથે સમજી શકે છે. જૂના કમ્પ્યુટર પ્રોગ્રામ્સ સામાન્ય રીતે માત્ર લખાણ અથવા માત્ર ચિત્રો સમજતા હતા, જ્યારે જેમિની ઓમ્ની માનવ મગજની જેમ અનેક ઈન્દ્રિયોની માહિતી એકસાથે પ્રક્રિયા કરે છે. ઉદાહરણ તરીકે, જો કોઈ વિડિયો ચલાવવામાં આવે, તો તે માત્ર દ્રશ્યો નહીં પરંતુ અવાજનો ટોન, સંદર્ભ અને બેકગ્રાઉન્ડની વિગતોને પણ સમજી શકે છે.આ ટેકનોલોજી શિક્ષણ, વૈજ્ઞાનિક સંશોધન અને મેડિકલ એનાલિસિસ જેવા ક્ષેત્રોમાં ક્રાંતિકારી સાબિત થઈ શકે છે. ટેકનોલોજીની દુનિયામાં ઝડપનું વિશેષ મહત્વ છે. આ જ કારણસર ગૂગલે ‘જેમિની ૩.૫ ફ્લેશ’ રજૂ કર્યું છે, જે કોડિંગ અને પ્રેક્ટિકલ કાર્યોમાં અત્યંત ઝડપી પરિણામ આપે છે. કોમ્પ્યુટર સાયન્સ અને એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે આ મોડેલ વિશેષ ઉપયોગી સાબિત થશે, કારણ કે સોફ્ટવેર ડેવલપમેન્ટ અને બગ ફિક્સિંગ જેવી પ્રક્રિયાઓ હવે સેકન્ડોમાં પૂર્ણ થઈ શકશે. આ ઉપરાંત, ‘જેમિની ૩.૫ પ્રો’ વધુ જટિલ કાર્યો માટે તૈયાર કરવામાં આવ્યું છે. મોટા ડેટાનું વિશ્લેષણ, કાનૂની દસ્તાવેજોની ચકાસણી અને ગાણિતિક મોડેલિંગ જેવા કાર્યોમાં તે વધુ સચોટતા સાથે કામ કરશે.

ગૂગલ વર્કસ્પેસમાં રજૂ કરાયેલી ‘ડોક્સ લાઈવ’ અને ‘એઆઈ ઈનબોક્સ’ જેવી સુવિધાઓ કાર્યસ્થળની વ્યાખ્યા બદલી રહી છે. હવે વપરાશકર્તાઓ બોલીને દસ્તાવેજ તૈયાર કરી શકશે અને એઆઈ આપમેળે મહત્વપૂર્ણ મુદ્દાઓ ગોઠવી દેશે. જીમેલમાં ઉમેરાયેલ ‘એઆઈ ઈનબોક્સ’ મહત્વપૂર્ણ ઈમેલ ઓળખીને તેના પર શું કાર્યવાહી કરવી તેની પણ સલાહ આપશે. ઓફિસ કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ માટે આ સુવિધા સમય બચાવનારી સાબિત થશે. આ બદલાવ દર્શાવે છે કે ભવિષ્યમાં વહીવટી કાર્યોમાં માનવીય શ્રમ ઓછો થશે અને ઉત્પાદકતામાં વધારો થશે. સર્જનાત્મક ક્ષેત્રમાં પણ ગૂગલે ‘ગૂગલ પિક્સ’ દ્વારા મોટું પરિવર્તન લાવ્યું છે. હવે માત્ર લખાણ દ્વારા ઉચ્ચ ગુણવત્તાની ડિઝાઈન, પ્રેઝન્ટેશન અને ગ્રાફિક્સ તૈયાર કરી શકાશે. કૉલેજના વિદ્યાર્થીઓ માટે પ્રોજેક્ટ, સ્ટાર્ટઅપ પ્રેઝન્ટેશન અને સોશિયલ મીડિયા માર્કેટિંગમાં આ ટૂલ ખૂબ ઉપયોગી બનશે. આ સિસ્ટમ લખાણના વિષય અને ભાવના અનુસાર આપમેળે રંગો, લેઆઉટ અને ડિઝાઈન સૂચવે છે. આથી કલા અને ટેકનોલોજી વચ્ચેનું અંતર ઘટી રહ્યું છે અને સામાન્ય વ્યક્તિ પણ સર્જનાત્મકતા સરળતાથી વ્યક્ત કરી શકશે. ઈન્ટરનેટની શરૂઆતથી ગૂગલ સર્ચનો અર્થ માત્ર લિંક્સની યાદી હતો. હવે આ પરંપરા બદલાઈ ગઈ છે. વપરાશકર્તાઓ સામાન્ય ભાષામાં પ્રશ્નો પૂછશે અને એઆઈ તેમને સીધો જવાબ આપશે. જો કોઈ પ્રશ્ન પ્રેક્ટિકલ હશે, તો ગૂગલ તેનો ટૂંકો સમજણસભર વિડિયો પણ તૈયાર કરીને બતાવશે. ઉદાહરણ તરીકે, ગાણિતિક સમીકરણ ઉકેલવું કે કોઈ મશીન રિપેર કરવાની રીત સમજવી હોય, તો ગૂગલ સ્ટેપ-બાય-સ્ટેપ માર્ગદર્શન આપશે. આથી શિક્ષણ વધુ દ્રશ્યાત્મક અને સરળ બનશે. યુટ્યુબને પણ હવે વધુ ઈન્ટરેક્ટિવ બનાવવામાં આવ્યું છે. ગૂગલ ફ્લો ટેકનોલોજીના ઉપયોગથી હવે વપરાશકર્તાઓ વિડિયો જોતી વખતે એઆઈને તરત પ્રશ્નો પૂછી શકશે. જો વિદ્યાર્થી કોઈ વૈજ્ઞાનિક પ્રયોગનો વિડિયો જોઈ રહ્યો હોય, તો એઆઈ તરત જ વધારાની સમજણ, સંદર્ભ અને સરળ સ્પષ્ટીકરણ આપશે. આ સુવિધા ઓનલાઈન શિક્ષણમાં એક નવી ક્રાંતિ લાવશે. ઓનલાઈન શોપિંગને સરળ બનાવવા માટે ગૂગલે ‘યુનિવર્સલ કાર્ટ’ સુવિધા રજૂ કરી છે. હવે અલગ-અલગ વેબસાઈટ્સ પરથી પસંદ કરેલી વસ્તુઓ એક જ કાર્ટમાં ગોઠવાઈ જશે. એઆઈ આપમેળે વિવિધ સાઈટ્સના ડિસ્કાઉન્ટ, ઓફર્સ અને ડિલિવરી ચાર્જીસની સરખામણી કરીને ગ્રાહકને શ્રેષ્ઠ વિકલ્પ આપશે. આ દર્શાવે છે કે એઆઈ હવે માત્ર માહિતી પૂરતી મર્યાદિત નથી, પરંતુ આર્થિક નિર્ણયો વધુ સ્માર્ટ બનાવી રહી છે. ગૂગલ આઈ/ઓ ૨૦૨૬એ સ્પષ્ટ કરી દીધું છે કે માનવ અને મશીન વચ્ચેનું સહઅસ્તિત્વ હવે વધુ ગાઢ બનશે. પરંતુ આ સાથે અનેક પડકારો પણ ઊભા થશે. ડેટા પ્રાઈવસી, એઆઈમાં પક્ષપાતનો અભાવ અને ટેકનોલોજીનો નૈતિક ઉપયોગ જેવા મુદ્દાઓ અત્યંત મહત્વપૂર્ણ બની રહ્યા છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ પણ ભારપૂર્વક જણાવ્યું છે કે ટેકનોલોજી સાથે માનવીય અભિગમ જાળવવો અનિવાર્ય છે. આવતી પેઢીએ માત્ર ટેકનોલોજીના વપરાશકર્તા બની રહેવાને બદલે તેના દિશાદર્શક અને જવાબદાર નિયંત્રક બનવું પડશે. જો યુવાનો વૈજ્ઞાનિક સમજણ અને માનવીય મૂલ્યો સાથે આ નવી ક્રાંતિને સ્વીકારશે, તો આ ટેકનોલોજીકલ ઉત્ક્રાંતિ માનવ સભ્યતાને વિકાસના નવા શિખરો સુધી પહોંચાડશે.

**વિશ્વમાં ટેકનોલોજી ક્ષેત્રે જબરજસ્ત પરિવર્તનો થઇ ચૂક્યા છે જેનો અણસાર ગૂગલ દ્વારા આપવામાં આવ્યો છે હવે નવા યુગમાં એ આઈ ટેકનોલોજી જેમીની સર્વોપરી થશે.**

## શબ્દ સંજોગ-૨૨૦૦



**આડી ચાવી :**
(૧) પૂર્વ મિમાંસ દર્શનનાં પ્રવર્તક ઋષિ (૩)
(૩) સિધ્ધ કરવા આવશ્યક પ્રયત્ન (૩)
(૬) નાખુશ (૩)
(૭) રાજાનું નિવાસસ્થાન (૩)
(૯) ઉંઘ, નિંદ્રા (૨)
(૧૦) અભિનેત્રી, હિરોઈન (૨)
(૧૨) એક ગુજરાતી ફિલ્મ:...હો દીકરી (૨)
(૧૪) સુલેહ, સંધિ (૨)
(૧૬) મોટુ, મહાન (૩)
(૧૭) અતિ...તે પાપનું મૂળ (૨)
(૧૯) પરિચિત, માહિતી (૨)
(૨૧) તક, મોકો (૨)
(૨૩) વિતેલા જમાનાની એક અભિનેત્રી:....રહેમાન (આ-અ) (૩)
(૨૪) નોતરુ, આમંત્રણ (૩)
(૨૬) મનસૂબો, કલ્પના (૩)
(૨૭) માતા, જનેતા (૨)
(૨૯) સોનાના કસનો આંક (૨)
(૩૦) ભરડકું, કાંજી (૨)

**ઉભી ચાવી :**
(૧) એક ધર્મ (૨)
(૨) અવાજ (૩)
(૩) માધુરી, સંજયદત્ત, સલામાનખાનની ફિલ્મ (૩)
(૪) ....છે તેનો નાશ છે (૨)
(૫) મિથ્યા દેખાવ (૨)
(૮) એક પેટાઋતુ (૩)
(૯) નીંદવાન મજુરી (૪)
(૧૧) વૈતરુ, બોજો (૩)
(૧૩) લાડ, સ્નેહ (૨)
(૧૫) ખેર, કંઈ ચિંતા નહી (૨)
(૧૮) આજે....નો જમાનો નથી (૩)
(૧૯) રાક્ષસ (૪)
(૨૦) નાગાલેન્ડની રાજધાની (૩)
(૨૨) લંબાઈ ભરવાનું માપ (૨)
(૨૩) વણતર, કુમાશ (૩)
(૨૫) ભાગ્ય, લક (૩)
(૨૮) સંતોષ, ધરવ (૨)

## શબ્દ સંજોગ-૨૧૯ જવાબ

**આડી ચાવીઃ** (૧) મખિયાણુ (૩) ટટ્ટાર (૫) પોંક (૬) વિના (૭) કાજુ (૧૦) ટબ (૧૨) વારસ (૧૪) કરામત (૧૬) ખારવો (૧૮) પૂર (૧૯) રીસ (૨૧) કસર (૨૪) તક (૨૬) જીવન (૨૮) પાઈલટ (૩૦) ભાવ (૩૧) ટીખળ (૩૨) તન. **ઉભી ચાવીઃ** (૧) મક્ષિકા (૨) યાર (૩) ટકટક (૪) રવિ (૮) જુવાર (૯) ખેસ (૧૧) બરાબરી (૧૩) રવો (૧૫) તટ (૧૬) ખારેક (૧૭) તરત (૨૦) સવલત (૨૨) સજીવ (૨૩) રવ (૨૫) કપાળ (૨૭) નટી (૨૯) ટન.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૦૦ | ૧૯૭૫ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૫૬ |
| જુવાર સફેદ | ૮૬૮ | ૯૭૩ |
| જુવાર લાલ | ૮૪૧ | ૯૪૫ |
| જુવાર પીળી | ૩૫૦ | ૪૨૫ |
| બાજરી | ૩૩૧ | ૪૧૧ |
| તુવેર | ૧૩૫૦ | ૧૬૧૫ |
| ચણા પીળા | ૯૭૫ | ૧૧૮૦ |
| ચણા સફેદ | ૧૧૩૫ | ૧૭૪૦ |
| અડદ | ૧૨૧૦ | ૧૬૦૫ |
| મગ | ૧૩૮૦ | ૧૮૯૦ |
| વાલ દેશી | ૭૩૦ | ૧૦૦૦ |
| ચોળી | ૮૮૦ | ૧૫૩૫ |
| વટાણા | ૫૫૦ | ૯૨૦ |
| કળથી | ૨૭૫ | ૩૭૫ |
| રાજમા | ૪૫૫ | ૧૫૦૦ |
| સીંગદાણા | ૧૬૫૦ | ૧૯૬૦ |
| મગફળી જાડી | ૧૨૩૦ | ૧૬૪૦ |
| મગફળી જીણી | ૧૨૪૫ | ૧૭૧૫ |
| તલી | ૧૯૫૦ | ૨૨૩૦ |
| સુરજમુખી | ૮૦૧ | ૧૩૦૫ |
| એરંડા | ૧૧૭૦ | ૧૩૧૭ |
| અજમો | ૧૪૫૫ | ૨૩૦૦ |
| સુવા | ૧૨૦૦ | ૧૬૦૧ |
| સોયાબીન | ૧૩૩૩ | ૧૭૭૦ |
| સીંગફાડા | ૧૪૩૦ | ૧૮૪૫ |
| કાળા તલ | ૨૦૦૦ | ૩૩૫૦ |
| લસણ | ૮૬૦ | ૧૬૧૫ |
| ધાણા | ૨૨૦૦ | ૨૪૫૧ |
| ધાણી | ૨૨૫૦ | ૨૫૦૦ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૯૪૨ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૫૦ |
| રાય | ૧૨૬૦ | ૧૫૭૦ |
| મેથી | ૧૧૬૦ | ૧૯૨૦ |
| ઇસબગુલ | ૧૦૦૦ | ૨૧૦૦ |
| અશેરીયો | ૯૫૦ | ૧૧૦૦ |
| કલોંજી | ૨૬૫૦ | ૩૪૮૧ |
| રાયડો | ૧૨૦૫ | ૧૪૦૫ |
| રજકાનું બી | ૪૮૦૦ | ૬૧૦૦ |
| ગુવારનું બી | ૯૫૦ | ૧૧૪૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૮૬ | ૫૭૯ |
| લીંબુ | ૧૪૨૮ | ૨૮૫૬ |
| સાકરટેટી | ૧૧૩ | ૨૪૨ |
| તરબુચ | ૧૧૫ | ૨૨૩ |
| પપૈયા | ૭૬ | ૧૫૬ |
| બટેટા | ૧૦૩ | ૨૮૨ |
| ડુંગળી સુકી | ૫૧ | ૩૫૦ |
| ટમેટા | ૩૮૧ | ૫૨૬ |
| સુરણ | ૮૧૫ | ૧૦૨૪ |
| કોથમરી | ૫૮૮ | ૯૫૯ |
| રીંગણા | ૧૨૬ | ૨૪૪ |
| કોબીજ | ૭૭ | ૧૪૬ |
| ફ્લાવર | ૨૫૩ | ૩૯૨ |
| ભીંડો | ૧૯૫ | ૩૩૨ |
| ગુવાર | ૩૬૬ | ૭૧૮ |
| ચોળાસીંગ | ૪૦૫ | ૮૦૨ |
| ટીંડોળા | ૩૭૩ | ૬૮૭ |
| દુધી | ૯૩ | ૧૭૩ |

| | | |
|---|---|---|
| કારેલા | ૨૧૪ | ૩૩૧ |
| સરગવો | ૨૮૧ | ૬૧૧ |
| તુરીયા | ૩૬૭ | ૫૫૮ |
| પરવર | ૪૮૩ | ૭૧૨ |
| કાકડી | ૨૧૯ | ૪૨૨ |
| ગાજર | ૨૮૯ | ૪૪૬ |
| વટાણા | ૧૧૬૬ | ૧૪૯૫ |
| ગલકા | ૨૦૧ | ૩૩૨ |
| બીટ | ૧૪૪ | ૩૫૧ |
| મેથી | ૫૫૨ | ૭૫૬ |
| ડુંગળી લીલી | ૫૪૨ | ૮૦૭ |
| આદુ | ૧૪૨૭ | ૧૭૧૯ |
| મરચા લીલા | ૫૨૩ | ૭૪૬ |
| મકાઇ લીલી | ૧૮૩ | ૩૬૬ |
| ગુંદા | ૨૨૩ | ૪૧૬ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૫૧ | ૧૯૬૬ |
| ઘઉં લોકવન | ૪૫૧ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૫૮ |
| મગફળી જીણી | ૧૨૧૧ | ૧૭૦૧ |
| સિંગદાણા જાડા | ૧૧૭૧ | ૧૬૦૬ |
| સિંગ ફાડીયા | ૧૫૦૧ | ૧૮૦૧ |
| એરંડા / એરંડી | ૯૯૧ | ૧૩૧૬ |
| તલ કાળા | ૧૮૫૧ | ૩૩૦૧ |
| જીરૂ | ૨૨૦૦ | ૪૦૦૦ |
| ક્લંજી | ૧૬૦૧ | ૩૪૧૧ |
| ધાણા | ૧૬૦૧ | ૨૬૩૧ |
| લસણ સુકું | ૬૯૧ | ૧૫૯૧ |
| ડુંગળી લાલ | ૬૬ | ૩૧૬ |
| અડદ | ૭૦૧ | ૧૬૨૧ |
| તુવેર | ૮૫૧ | ૧૬૦૧ |
| રાયડો | ૧૨૬૧ | ૧૨૯૧ |
| રાય | ૧૫૦૧ | ૧૫૦૧ |
| મેથી | ૭૫૧ | ૧૪૯૧ |
| કાંગ | ૪૭૧ | ૫૭૧ |
| કારીજીરી | ૨૩૫૧ | ૨૩૫૧ |
| મગફળી જાડી | ૧૧૭૧ | ૧૬૦૬ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૭૭૧ |
| મગફળી નવી | ૧૨૦૧ | ૧૮૫૧ |
| તલ - તલી | ૧૭૫૧ | ૨૪૦૧ |
| ધાણી | ૧૭૦૧ | ૨૭૪૧ |
| ડુંગળી સફેદ | ૧૫૪ | ૨૫૪ |
| બાજરો | ૩૩૧ | ૪૭૧ |
| જુવાર | ૨૮૧ | ૮૪૧ |
| મકાઇ | ૩૬૧ | ૪૭૧ |
| મગ | ૧૦૨૬ | ૧૭૮૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૨૬ |
| વાલ | ૪૮૧ | ૧૦૮૧ |
| ચોળા / ચોળી | ૮૦૦ | ૧૫૫૧ |
| સોયાબીન | ૧૧૦૧ | ૧૫૭૧ |
| અજમાં | ૯૫૧ | ૧૫૦૧ |
| ગોગળી | ૧૦૦૧ | ૧૩૨૧ |
| વટાણા | ૪૦૦ | ૮૪૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૦૦ | ૫૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૧૮૦ | ૧૦૦૦ |
| કોબી | ૧૦૦ | ૨૬૦ |
| દુધી | ૬૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૪૦ | ૪૦૦ |
| કાકડી | ૧૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૩૦ | ૩૦૦ |

| | | |
|---|---|---|
| ભીંડો | ૮૦ | ૫૦૦ |
| ગલકા | ૮૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૧૮૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૫૬૦ |
| કેરી કાચી | ૧૮૦ | ૮૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૮ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૧ | ૭ |
| કોથમીર પુરા | ૨ | ૪ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| ક્રુદ્દિક્રી | ૭૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૨૦૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૦ |
| સરગવો પુરા | ૧૫ | ૨૫ |
| ચોરા | ૨૦૦ | ૯૦૦ |
| કારેલા | ૧૮૦ | ૬૦૦ |
| મગફળી લીલી | ૮૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૭૦૦ |
| ફણશી | ૨૪૦૦ | ૩૦૦૦ |
| પાલક પુરા | ૩ | ૮ |
| **અમરેલી** | | |
| શિંગ ગીરનાર | ૧૩૫૫ | ૧૩૫૫ |
| શિંગ મોટી | ૧૧૯૫ | ૧૪૪૫ |
| શિંગદાણા | ૧૫૦૦ | ૧૮૮૫ |
| શિંગદાણા ફાડા | ૧૫૮૦ | ૧૮૮૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૪૧૦ |
| તલ કાળા | ૨૨૩૦ | ૩૬૦૦ |
| તલ કાશમીરી | ૧૬૫૦ | ૨૩૨૫ |
| બાજરો | ૩૬૦ | ૪૬૦ |
| જુવાર | ૪૦૫ | ૮૯૫ |
| ઘઉં ટુકડા | ૪૨૦ | ૫૬૦ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૦૦ |
| મકાઇ | ૨૯૦ | ૫૨૦ |
| મગ | ૧૦૦૦ | ૧૭૮૦ |
| અડદ | ૧૫૬૦ | ૧૫૬૦ |
| ચણા | ૯૧૦ | ૧૧૩૦ |
| ચણા દેશી | ૯૮૫ | ૧૧૦૫ |
| સફેદ ચણા | ૧૦૬૦ | ૧૧૪૦ |
| તુવેર | ૮૭૫ | ૧૬૨૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૯૭૦ |
| એરંડા | ૧૦૩૫ | ૧૨૮૫ |
| જીરૂ | ૨૩૦૦ | ૩૯૨૫ |
| રાય | ૧૩૦૦ | ૧૪૩૦ |
| ધાણા | ૧૬૦૦ | ૨૩૬૫ |
| ધાણી | ૨૦૦૦ | ૨૫૨૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૩૧૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૪૪૦ |
| મરચા લાંબા | ૧૧૫૦ | ૨૭૫૦ |
| કલોંજી | ૧૯૦૦ | ૩૧૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૭૦ | ૨૭૦ |
| રીંગણા | ૨૫૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૨૬૦ | ૬૦૦ |
| કોબીજ | ૨૫૦ | ૩૬૦ |
| શકકરીયા | ૫૫૦ | ૬૨૦ |
| ટમેટાં | ૫૦૦ | ૬૦૦ |
| સુરણ | ૭૭૦ | ૯૫૦ |

| | | |
|---|---|---|
| ગાજર | ૫૦૦ | ૬૨૦ |
| દુધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૨૫૦ | ૩૦૦ |
| ગુંદા | ૪૦૦ | ૬૨૦ |
| કાકડી | ૪૦૦ | ૫૭૦ |
| ગુવાર | ૬૦૦ | ૯૩૦ |
| કાચી કેરી | ૯૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૧૫૦૦ | ૧૬૩૦ |
| ચોળા લીલા | ૬૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૭૦૦ |
| પાકી કેરી | ૧૦૦૦ | ૨૪૦૦ |
| ગરમર | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૦૦ |
| આદુ | ૧૬૦૦ | ૨૨૦૦ |
| કોથમીર | ૫૦૦ | ૬૩૦ |
| મેથીભાજી | ૭૨૦ | ૮૫૦ |
| ફોદીનો | ૫૦૦ | ૬૩૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૭૨૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૫૨૦ | ૬૩૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૨૦ |
| લસણ સુકું | ૧૦૦૦ | ૨૦૦૦ |
| પાલક | ૫૫૦ | ૬૦૦ |
| લીંબુ | ૮૨૦ | ૧૫૫૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૨૩૦ | ૧૪૮૫ |
| શીંગ મોટી | ૧૨૦૦ | ૧૫૦૦ |
| શીંગ નવી | ૧૩૦૦ | ૧૬૬૦ |
| તલ સફેદ | ૨૦૫૦ | ૨૫૫૦ |
| તલ કાળા | ૨૯૦૦ | ૩૩૫૦ |
| જીરૂ | ૨૭૦૦ | ૩૬૦૧ |
| કપાસ | ૧૬૦૦ | ૨૦૦૩ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૧૦ |
| બાજરો | ૪૫૦ | ૫૩૦ |
| જુવાર | ૬૦૦ | ૯૮૦ |
| મકાઈ | ૪૦૦ | ૫૦૦ |
| મગ | ૧૫૦૦ | ૧૬૮૨ |
| ચોળી | ૧૬૪૨ | --- |
| અડદ | ૧૨૦૦ | ૧૬૪૨ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૩૫ |
| દેશી ચણા | ૧૦૨૦ | ૧૧૩૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૮૦ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૬૧ |
| મેથી | ૧૨૦૦ | ૧૩૦૦ |
| રાય/રાયડો | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૭૦૦ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૫૦૦ |
| કલોંજી | ૩૦૦૦ | ૩૧૫૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૪૦૦ | ૧૬૭૦ |
| મગફળી | ૧૦૮૫ | ૧૩૦૧ |
| ઘઉં | ૪૧૬ | ૪૬૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૬૭ |
| તુવેર | ૧૧૫૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૪૨૫ | ૨૦૨૦ |
| તલ કાળા | ૨૫૫૦ | ૩૨૪૦ |
| મગ | ૧૪૬૫ | ૧૬૦૦ |

| | | |
|---|---|---|
| શીંગ ફાડા | ૧૫૫૧ | ૧૮૦૧ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| રાઈ | ૧૨૮૦ | ૧૨૮૦ |
| સોયાબીન | ૧૦૪૪ | ૧૧૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૮૦૦ |
| ઘઉં લોકવન | ૩૦૦ | ૪૫૮ |
| ઘઉં ટુકડા | ૪૪૫ | ૪૭૬ |
| ચણા | ૯૯૦ | ૧૦૩૬ |
| ધાણા | ૨૦૦૦ | ૨૩૦૦ |
| તુવેર | ૯૦૦ | ૧૩૦૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| મગ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| રાયડો | ૫૧૦ | ૫૧૦ |
| તલ સફેદ | ૨૧૫૫ | ૨૧૯૦ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૨૫૦ |
| સોયાબીન | ૯૧૧ | ૧૫૦૦ |
| મગફળી | ૧૩૧૫ | ૧૪૮૫ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૧૮૪૯ |
| **બાબરા** | | |
| કપાસ સુપર | ૧૬૮૦ | ૨૦૦૯ |
| કપાસ મીડીયમ | ૧૫૫૦ | ૧૬૨૦ |
| મગફળી | ૧૨૭૦ | ૧૩૯૦ |
| તલ સફેદ | ૧૫૩૦ | ૨૨૨૦ |
| તલ કાળા | ૨૯૧૦ | ૩૩૩૦ |
| જીરૂ | ૨૯૨૦ | ૩૬૬૦ |
| ચણા | ૧૦૮૦ | ૧૧૨૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૨૦ |
| એરંડા | ૧૦૪૦ | ૧૧૯૦ |
| મગ | ૧૪૯૦ | ૧૬૮૦ |
| તુવેર | ૧૨૧૫ | ૧૪૦૫ |
| ધાણા | ૧૫૭૦ | ૨૪૯૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૯૪૧ |
| ઘઉં | ૩૫૧ | ૪૮૪ |
| મકાઈ | ૩૬૧ | ૩૬૧ |
| મગ | ૮૫૧ | ૧૬૪૬ |
| ચણા | ૮૦૧ | ૧૦૮૧ |
| તુવેર | ૮૫૧ | ૧૪૭૧ |
| મગફળી | ૮૫૧ | ૧૫૩૬ |
| શીંગ ફાડા | ૧૩૫૧ | ૧૭૨૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૪૭૬ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૧૧૬ |
| મેથી | ૫૦૧ | ૧૩૮૬ |
| જીરૂ | ૩૪૪૧ | ૩૪૪૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૩૭૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૪૬૧ |
| **મહુવા** | | |
| શીંગ શંકર | ૧૦૦૦ | ૧૭૬૯ |
| શીંગ મગડી ઉનાળુ | ૧૩૫૨ | ૧૭૧૧ |
| શીંગ ન. ૩૨ | ૧૧૭૦ | ૧૪૦૦ |
| શીંગ મીનાક્ષી | ૧૩૬૦ | ૧૬૦૫ |
| શીંગ જી-૨૦ | ૧૧૫૦ | ૧૩૭૧ |
| એરંડા | ૧૧૦૦ | ૧૩૦૧ |
| જુવાર | ૩૦૦ | ૯૫૧ |
| બાજરી | ૩૩૩ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૧૫ |
| મકાઈ | ૩૨૦ | ૪૦૦ |
| અડદ | ૮૨૦ | ૧૫૫૭ |
| મગ | ૬૦૦ | ૧૭૨૨ |
| મેથી | ૫૦૦ | ૧૩૯૪ |
| ચણા | ૧૦૩૬ | ૧૧૫૨ |

| | | |
|---|---|---|
| તલ | ૧૫૦૦ | ૨૪૩૨ |
| તલ કાળા | ૧૭૦૦ | ૩૪૪૨ |
| તુવેર | ૪૨૫ | ૧૪૨૨ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ડુંગળી | ૬૫ | ૨૯૫ |
| ડુંગળી સફેદ | ૨૨૨ | ૩૧૫ |
| નાળીયેર | ૭૦૦ | ૨૨૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૦૦ | ૧૫૩૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૨૫ | ૫૧૧ |
| ઘઉં | ૪૦૫ | ૫૨૫ |
| રાય | ૧૧૫૦ | ૧૩૭૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૫૦ |
| જુવાર | ૭૨૫ | ૯૭૦ |
| મગ | ૧૫૫૦ | ૧૯૯૮ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૮૦ |
| સોયાબીન | ૧૧૮૦ | ૧૩૭૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૭૦૦ | ૯૪૦ |
| બાજરો | ૩૦૦ | ૬૩૦ |
| ઘઉં | ૩૫૦ | ૪૯૫ |
| મગ | ૧૩૦૦ | ૧૮૩૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૫૬૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૯૫ |
| મઠ | ૯૦૦ | ૯૪૦ |
| ચોળી | ૮૬૦ | ૧૫૨૫ |
| મેથી | ૮૦૦ | ૧૪૦૦ |
| ચણા સફેદ | ૯૫૦ | ૧૬૫૦ |
| મગફળી જીણી | ૧૧૫૦ | ૧૬૨૦ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૪૯૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૭૯ |
| તલ | ૧૪૦૦ | ૨૩૧૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૧૮૦ |
| રાયડો | ૧૨૦૦ | ૧૩૭૨ |
| રાઈ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| લસણ | ૮૯૦ | ૨૦૦૦ |
| કપાસ | ૧૪૫૦ | ૧૮૨૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૦૦ |
| અજમો | ૧૦૦૦ | ૩૩૩૫ |
| અજમાની ભૂસી | ૫૦ | ૨૫૦૦ |
| ધાણા | ૧૭૫૦ | ૨૪૦૫ |
| ડુંગળી સુકી | ૯૦ | ૧૬૫ |
| વટાણા | ૪૬૦ | ૭૫૫ |
| કલોંજી | ૧૦૦૦ | ૩૪૧૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૧૭૧ | ૧૫૬૯ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૨૨૫૦ |
| તલ કાળા | ૧૭૫૦ | ૩૪૪૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૯૦૦ |
| બાજરો | ૩૪૦ | ૫૧૩ |
| ઘઉં ટુકડા | ૩૬૧ | ૫૦૦ |
| જુવાર | ૪૦૧ | ૧૦૦૫ |
| મકાઈ | ૩૯૦ | ૪૦૦ |
| મગ | ૧૦૦૦ | ૧૬૫૬ |
| અડદ | ૧૫૬૧ | ૧૫૬૧ |
| તુવેર | ૧૧૫૦ | ૧૩૫૪ |
| ચણા | ૭૦૧ | ૧૦૬૧ |
| ધાણા | ૧૯૨૦ | ૧૯૨૦ |
| મેથી | ૯૦૦ | ૯૦૦ |
| સોયાબીન | ૧૩૦૧ | ૧૩૦૧ |
| અજમાં | ૧૯૦૧ | ૧૯૦૧ |


Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# પત્નીને તેડવા ગયેલા રાજુલા પંથકના યુવાન પર જીવલેણ હુમલો થયા બાદ મોત

**સા.કુંડલામાં આરોપીઓ સામે મોતનો ગૂનો નોંધાયો**

અમરેલી,તા.૨૦

રાજુલાના બાબરીયાધાર ગામના હર્ષદભાઈ પરમાર સાવરકુંડલા ખાતે હાથસણી રોડ પર પોતાની રિસામણે બેઠેલી પત્નીને તેડવા ગયા હતા. ત્યાં સસરા પક્ષના જગદીશભાઈ પરમારે તેમની પાસે પૈસાની માંગણી કરી હતી. આ બાબતે ઉગ્ર બોલાચાલી થતાં દયાબેને હર્ષદભાઈની આંખોમાં મરચાની ભૂકી નાખી દીધી હતી. પીડિતે ત્યાંથી ભાગવાનો પ્રયત્ન કર્યો પરંતુ જગદીશભાઈએ લોખંડના પાઈપ વડે અને અન્ય એક અજાણ્યા શખ્સે કુહાડીથી તેમના પર ઘાતક હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘાયલ હર્ષદભાઈ બજારમાં



પહોંચ્યા હોવા છતાં આરોપીઓએ ત્યાં પણ તેમને નિર્દયતાથી માર માર્યો હતો. બંને પગમાં ફ્રેક્ચર અને શરીર પર ગંભીર ઈજાઓ થતાં તેમને અમરેલી સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા. પાંચ દિવસની ટૂંકી સારવાર બાદ તેમનું કરુણ મોત નીપજ્યું છે. સાવરકુંડલાના ડીવાયએસપી વિરલ ચંદનના જણાવ્યા મુજબ, પોલીસે હવે આ કેસમાં હત્યાની કલમનો ઉમેરો કરીને મુખ્ય આરોપી જગદીશભાઈની ધરપકડ કરી છે.

# અમરેલી,રાજકોટને બાદ કરતા અનેક જિલ્લાઓમાં ગરમીથી આંશિક રાહત

**અમરેલીમાં ભારે ગરમીથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા**

રાજકોટ,તા.૨૦

રાજકોટ-અમરેલીને બાદ કરતાં મોટા ભાગના શહેરોમાં તાપમાનમાં આંશિક ઘટાડો થયો હતો. રાજકોટ ૪૩.૬ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. જ્યારે અમરેલીમાં ૪૩.૧



ડિગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.જ્યારે અમદાવાદમાં ૪૨.૨, વડોદરામાં ૪૨, ભુજમાં ૩૯ તથા દાહોદમાં ૩૯, ડાંગમાં ૩૮.૬, ડિસામાં ૪૧.૬, દિવમાં ૩૫.૨ તેમજ ગાંધીનગરમાં ૪૩.૨, જૂનાગઢમાં ૩૪, કંડલામાં ૩૭.૨, નલિયામાં ૩૫.૨, પોરબંદરમાં ૩૫.૧, સુરતમાં ૩૮.૨ અને વેરાવળમાં ૩૩.૬ ડિગ્રી મહતમ તાપમાન નોંધાયું હતું.જ્યારે જામનગર શહેરમાં મહતમ તાપમાનનો પારો સતત બીજા દિવસે પણ ૩૬ ડીગ્રી રહ્યો હતો તો લઘુતમ તાપમાનમાં આંશિક એક ડિગ્રીના વધારા સાથે પારો ૨૭ ડિગ્રી નોંધાયો હતો.

# ઉનામાં અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળ્યો

ઉના,તા.૨૦




તસવીર : કૈલેશ ભટ્ટ

ઉના રેલવે સ્ટેશન નજીક અવાવરું જગ્યાએથી એક પુરુષનો પાંચથી સાત દિવસ જૂનો કોહવાયેલો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. હિન્દુ યુવા સંગઠનના મહેશભાઈ બારૈયા અને અજયભાઈ બાંભણીયાને દુર્ગંધ આવતા તેમણે તપાસ કરી પોલીસને જાણ કરી હતી. ઘટનાસ્થળે પી.આઈ. મોરી તથા નાયબ મામલતદાર મકવાણાએ પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતદેહ અત્યંત વિકૃત હોવાથી ઓળખ થઈ શકી નથી. હાલ પોલીસે આ બનાવ હત્યા છે કે આત્મહત્યા તે દિશામાં સરકારી હોસ્પિટલ પીએમ રિપોર્ટના આધારે તપાસ શરૂ કરી છે.

# પશ્ચિમ એશિયાના તણાવ વચ્ચે કંડલા પોર્ટ પર ૨૦ હજાર ટન એલપીજી જથ્થો પહોંચ્યો

અમદાવાદ,તા.૨૦

ગ્લોબલ લેવલે ચાલી રહેલી ઉથલપાથલ અને પશ્ચિમ એશિયાના ભારે તણાવ વચ્ચે ભારત માટે એક રાહતના સમાચાર આવ્યા છે. 'સિમી' નામનું એક વિશાળ દરિયાઈ ટેન્કર હોર્મુઝ સ્ટ્રેટ જેવા જોખમી માર્ગને પાર કરીને ૨૦ હજાર ટન એલપીજીનો જથ્થો લઈને ગુજરાતના કંડલા સ્થિત દીનદયાલ પોર્ટ પર સુરક્ષિત રીતે પહોંચી ગયું છે. ૨૧ ક્રૂ મેમ્બર્સની મદદથી ભારત



પહોંચેલું આ ૧૧મું એલપીજી ટેન્કર છે, જે સપ્લાય ચેનની ચિંતાઓ વચ્ચે ભારતીય ઉર્જા બજારને મજબૂતી આપશે.જોકે, સાંભળવામાં આ આંકડો બહુ મોટો લાગે પરંતુ દુનિયાના બીજા સૌથી મોટા એલપીજી ગ્રાહક એવા ભારત દેશ માટે આ જથ્થો માત્ર ૮ કલાક એટલે કે ત્રીજા ભાગના દિવસ જેટલો જ છે. ભારતમાં સામાન્ય દિવસોમાં રોજનો વપરાશ ૫૫,૦૦૦ થી ૬૦,૦૦૦ મેટ્રિક ટન છે, જે તહેવારોમાં ૯૦,૦૦૦ ટન સુધી પહોંચી જાય છે. ઈન્ડિયન ઓઈલ અને બીપીસીએલ જેવી કંપનીઓ સ્થાનિક સ્તરે ૪૦% થી ૬૦% ઉત્પાદન કરે છે. દેશની વાર્ષિક માંગ ૩.૩ કરોડ ટન સામે ભારત પાસે ૧૬ લાખ ટનની સ્ટોરેજ ક્ષમતા છે, જેના કારણે મંત્રાલયના આંકડા મુજબ હંમેશા ૪૫ દિવસનો એડવાન્સ રોલિંગ સ્ટોક બેકઅપ તરીકે ઉપલબ્ધ રહે છે.

# આગામી ત્રણ દિવસમાં પશ્ચિમી ચોમાસુ આગળ વધે તેવી સંભાવના : હવામાન વિભાગ


અમદાવાદ,તા.૨૦

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી અસહ્ય ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે, પરંતુ આ કાળઝાળ ગરમી વચ્ચે હવામાન વિભાગે ચોમાસાને લઈને રાહતના સમાચાર આપ્યા છે. ભારત મોસમ વિજ્ઞાન વિભાગના સત્તાવાર બુલેટિન અનુસાર, આગામી અઠવાડિયામાં રાજ્યના તાપમાનમાં થોડો ઘટાડો નોંધાઈ શકે છે. હાલમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું આગળ વધવા માટે સાનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ રહી છે અને આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન તે અરબી સમુદ્ર તેમજ બંગાળની ખાડીના વિવિધ વિસ્તારોમાં આગળ વધે તેવી પ્રબળ સંભાવના છે. હવામાન મોડેલના અંદાજ મુજબ કેરળમાં ૨૬ મેની આસપાસ ચોમાસાનું સત્તાવાર આગમન થઈ શકે છે.બીજી તરફ, રાજ્યમાં ગરમીનું જોર હજુ પણ યથાવત્ રહ્યું છે. જોકે, ચોમાસાની પ્રગતિના સમાચાર આગામી દિવસોમાં ગરમીથી મુક્તિ અપાવશે તેવી આશા બંધાઈ છે.

# અમરેલીના બ્રાહ્મણ સોસાયટી નજીક ઝુંપડામાં આગ લાગતા બળીને ખાખ

અમરેલી,તા.૨૦

અમરેલી શહેરના બ્રાહ્મણ સોસાયટી પાસે આવેલા ખોડિયાર મંદિરની બાજુમાં એક મોટી દુર્ઘટના ટળી હતી. અમરેલી ફાયર કંટ્રોલરૂમને એક ટેલિફોનિક માહિતી મળી હતી કે, ભરતભાઈ ગોવિંદભાઈ રામાણીની વાડીમાં આવેલાં ઝૂંપડાઓમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને ફાયર ટીમ તુરંત જ ઘટનાસ્થળ પર રવાના થઈ ગઈ હતી. ત્યાં પહોંચીને ફાયર ફાઈટરોએ ભારે



જહેમત બાદ કાબુ મેળવ્યો હતો. આ દુર્ઘટનામાં કમનસીબે બે ઝૂંપડાં બળીને સંપૂર્ણ ખાખ થઈ ગયાં હતાં, પરંતુ ફાયર ટીમની સમયસૂચકતાથી આજુબાજુના પાંચ ઝૂંપડાંને આગથી બચાવી લેવામાં આવ્યા હતા.

**ઉર્જામંત્રી કૌશિક વેકરીયા, ધારાસભ્યો મહેશ કસવાળા, હીરાભાઈ સોલંકી, જે.વી.કાકડીયાને જવાબદારી સોંપાઈ**

# વિધાનસભા સમિતિઓમાં અમરેલી જિલ્લાના ચાર ધારાસભ્યનો સમાવેશ

ગાંધીનગર,તા.૨૦









ગુજરાત વિધાનસભામાં અધ્યક્ષ દ્વારા બુધવારે વિધાનસભા સમિતિઓની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ૪ નાણાકીય અને ૧૪ બિન નાણાકીય સમિતિઓમાં પ્રમુખ અને સભ્યોની નિમણૂક કરાઈ છે. જેમાં ખાસ કરીને કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા ઘણા નેતાઓને 'પ્રમુખ સ્થાન આપી' સમિતિના પ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે.ગૌણ વિધાન સમિતિમાં ગૌણ વિધાન સમિતિમાં ઉર્જામંત્રી કૌશિક વેકરીયાનો સમાવેશ કરવામાં આવ્યો છે. અંદાજ સમિતિમાં રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, જાહેર હિસાબ સમિતિ અને વિશેષાધિકાર સમિતિમાં સા.કુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, સભાગૃહના મેજ પર મુકાયેલા કાગળોની સમિતિમાં ધારી-બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડીયાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# ભરૂચના કબીરવડ ખાતે નર્મદા નદીમાં ડૂબી જવાથી મામા-ભાણેજના મોત

ભરૂચ,તા.૨૦

ભરૂચના પ્રસિધ્ધ પ્રવાસન સ્થળ કબીરવડ ખાતે નર્મદા નદીમાં સ્નાન કરવા ઉતરેલા મામા-ભાણેજ ડૂબી જવાની અત્યંત દુઃખદ ઘટના સામે આવી છે. ભરૂચના સોન તલાવડી વિસ્તારના ૨૦ વર્ષીય અમિત વાઘેલા પાસે સુરતથી તેમનો ૭ વર્ષીય ભાણેજ રાજ ઉનાળાની રજાઓ ગાળવા આવ્યો હતો.



ગરમીથી રાહત મેળવવા બંને કબીરવડ ફરવા ગયા હતા અને નદીમાં ન્હાવા ઉતર્યા હતા. તે દરમિયાન નાનો રાજ ઊંડા પાણીમાં ખેંચાવા લાગતા તેને બચાવવા જતાં અમિત પણ નદીના તેજ પ્રવાહમાં ગરકાવ થઈ ગયો હતો.સ્થાનિક તરવૈયાઓ અને ફાયર વિભાગની આશરે ૮ કલાકની ભારે જહેમત બાદ બંનેના મૃતદેહ મળી આવ્યા છે, જેને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે. તાજેતરમાં જ ધોરણ-૧૨ પાસ કરનાર અમિતના અવસાનથી પરિવારમાં ભારે શોક વ્યાપી ગયો છે.


**CHANGE OF NAME**

I Undersign I KAPASI YAKUTABEN KHOJEMABHAI have changed my name from KAPASI VAKUTA KHOJEMABHAI To KAPASI YAKUTABEN KHOJEMABHAI Now i will be known as KAPASI YAKUTABEN KHOJEMABHAI
Sign : KAPASI YAKUTABEN KHOJEMABHAI
Address: PIKUP BASTEND,SANDHI CHOK, AT-SVARKUNDLA,DIST-AMRELI-364515 GUJARAT INDIA

**CHANGE OF NAME**

I Undersign I KAPASI KHOJEMABHAI FAKARUDINBHAI have changed my name from KAPASI KHOJEMA FAKHRUDDIN To KAPASI KHOJEMABHAI FAKARUDINBHAI Now i will be known as KAPASI KHOJEMABHAI FAKARUDINBHAI
Sign : KAPASI KHOJEMABHAI FAKARUDINBHAI
Address: PIKUP BASTEND,SANDHI CHOK, AT-SVARKUNDLA,DIST-AMRELI-364515 GUJARAT INDIA

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**
કોર્ટ રોડ, વિસાવદર
નં. એમએજી/કેસ નં.૫૮/૨૦૨૬ — તા.૧૫/૦૫/૨૦૨૬

શ્રી જેબુનબેન ઈબ્રાહિમભાઈ કાળવાતર
વા.ઓ. અમીનભાઈ મુસાભાઈ ચોટલીયા
રહે. મોટા કોટડા, તા.વિસાવદર, જી. જુનાગઢ ........અરજદાર
-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
મોણીયા, તા.વિસાવદર .........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-
આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી જેબુનબેન ઈબ્રાહિમભાઈ કાળવાતર વા.ઓ. અમીનભાઈ મુસાભાઈ ચોટલીયા રહે. મોટા કોટડા, તા.વિસાવદર, જી. જુનાગઢ એ તેમનો જન્મ તા.૧૭/૦૬/૧૯૭૪ ના રોજ વિસાવદર તાલુકાના મોણીયા ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, મોણીયા, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, મોણીયા, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.
આજ તારીખ ૧૫ મી મે ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.
તૈયાર કરનાર સહી. (પી.વી. શિંગડીયા) નાયબ મામલતદાર વિસાવદર
કોર્ટનો સિક્કો
હુકમથી સહી. (એ.એ.મુલચંદાણી) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વિસાવદર (ઈન્ચાર્જ)

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**
કોર્ટ રોડ, વિસાવદર
નં. એમએજી/કેસ નં.૫૬/૨૦૨૬ — તા.૧૫/૦૫/૨૦૨૬

શ્રી રમેશભાઈ જાદવભાઈ કોરાટ
રહે. વેકરીયા, તા.વિસાવદર, જી. જુનાગઢ ........અરજદાર
-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
વેકરીયા, તા.વિસાવદર .........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-
આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી રમેશભાઈ જાદવભાઈ કોરાટ રહે. વેકરીયા, તા.વિસાવદર, જી. જુનાગઢ એ તેમનો જન્મ તા.૦૧/૦૩/૧૯૭૧ ના રોજ વિસાવદર તાલુકાના વેકરીયા ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, વેકરીયા, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, વેકરીયા, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.
આજ તારીખ ૧૫ મી મે ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.
તૈયાર કરનાર સહી. (પી.વી. શિંગડીયા) નાયબ મામલતદાર વિસાવદર
કોર્ટનો સિક્કો
હુકમથી સહી. (એ.એ.મુલચંદાણી) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વિસાવદર (ઈન્ચાર્જ)

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**
કોર્ટ રોડ, વિસાવદર
નં. એમએજી/કેસ નં.૫૫/૨૦૨૬ — તા.૧૫/૦૫/૨૦૨૬

શ્રી રીનાબેન ઉર્ફે રસીલાબેન હરીલાલ ભાણાભાઈ રાખોલીયા
વા.ઓ. રમેશભાઈ જાદવભાઈ કોરાટ
રહે. વેકરીયા, તા.વિસાવદર, જી. જુનાગઢ ........અરજદાર
-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
નાની મોણપરી, તા.વિસાવદર .........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-
આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી રીનાબેન ઉર્ફે રસીલાબેન હરીલાલ ભાણાભાઈ રાખોલીયા વા.ઓ. રમેશભાઈ જાદવભાઈ કોરાટ રહે. વેકરીયા, તા.વિસાવદર, જી. જુનાગઢ એ તેમનો જન્મ તા.૩૧/૦૫/૧૯૬૯ ના રોજ વિસાવદર તાલુકાના નાની મોણપરી ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, નાની મોણપરી, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, નાની મોણપરી, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.
આજ તારીખ ૧૫ મી મે ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.
તૈયાર કરનાર સહી. (પી.વી. શિંગડીયા) નાયબ મામલતદાર વિસાવદર
કોર્ટનો સિક્કો
હુકમથી સહી. (એ.એ.મુલચંદાણી) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વિસાવદર (ઈન્ચાર્જ)

**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ**
-:: જાહેર નોટીસ ::-
કેસ.નં.જન્મ-મરણ/૩૭/૨૦૨૬
શ્રી જુબેદાબેન ગફારભાઈ માલવીયા વા./ઓ. કાળુભાઈ ચાવડા,
રહે.૧૧૦-૧, ખવાસ શેરી, લાઠી, તા.લાઠી, જી.અમરેલી ૩૬૫૪૩૦ ........વાદી
વિરૂધ્ધ
જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ભેંસાણ
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી
જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી જુબેદાબેન ગફારભાઈ માલવીયાનો જન્મ તા.૨૭/૦૬/૧૯૬૦ના રોજ ગામ મોજેઃ ભેંસાણ, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી - ભેંસાણ, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.
આજ તારીખ :- ૧૭ મી માહે : એપ્રિલ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.
સહી, (આઈ.આર. પારગી) મામલતદાર અને એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ ભેંસાણ

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં**
જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૫૯/૨૬ — તા.૦૭/૦૫/૨૦૨૬
વિવાદી :- શ્રી સવિતાબેન બાબુભાઈ બોરડ
રહે.લીંબડીયા, તા.ગઢડા, જી.બોટાદ મો.૯૯૭૯૬ ૬૫૭૮૧
અરજદારશ્રીના વિ.વ.શ્રી જગદિશ જી. આસોદરીયા એડવોકેટ
તાલુકા પંચાયત સામે, રેલ્વે સ્ટેશન, મુ. લાઠી,
તા. લાઠી, જી.અમરેલી, મો.૯૩૧૬૦ ૬૮૪૫૬
- //વિરૂધ્ધ//-
પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રી શ્રી
મુ.દહીંથરા, તા.લાઠી, જિ.અમરેલી

-// નોટીસ //-
(જન્મનાં દાખલા માટે)
આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. દહીંથરા ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો સવિતાબેન હરજીભાઈ સુતરીયાનો જન્મ તા.૦૫/૦૬/૧૯૬૨ ના રોજ દહીંથરા, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૪/૦૪/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૧/૦૫/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.
કોર્ટનો સિક્કો
સહી તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ લાઠી

# પ્રધાનમંત્રી મોદી અને ટ્રમ્પ વચ્ચે ફ્રાન્સમાં યોજાનાર જી-૭ સમિટમાં મુલાકાતની શક્યતા


નવીદિલ્હી,તા.૨૦



ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે આગામી જૂન મહિનામાં ફ્રાન્સના એવિયન-લેસ-બેન્સમાં યોજાનારી જી-૭ સમિટ દરમિયાન મુલાકાત થવાની પ્રબળ શક્યતા છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને ફેબ્રુઆરી ૨૦૨૬માં તેમની ભારત મુલાકાત દરમિયાન પીએમ મોદીને આ સમિટમાં ભાગ લેવા માટે ખાસ આમંત્રણ આપ્યું હતું, જેનો ભારતે સ્વીકાર કર્યો છે. આ પ્રતિષ્ઠિત બેઠક ૧૫ થી ૧૭ જૂન દરમિયાન ફ્રેન્ચ આલ્પ્સમાં યોજાશે, જેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, વૈશ્વિક વેપાર, ઈરાન અને ગુનાખોરી સામેની લડત જેવા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. જો કે આ સમિટમાં કોઈ સત્તાવાર કરાર પર હસ્તાક્ષર થવાના નથી, પરંતુ ભવિષ્યના કરારો માટે વૈશ્વિક સર્વસંમતિ સાધવાનો મુખ્ય હેતુ રહેશે. અગાઉ બંને નેતાઓ ફેબ્રુઆરી ૨૦૨૫માં વ્હાઈટ હાઉસમાં મળ્યા હતા. જી-૭ જૂથમાં અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, ઈટાલી, જાપાન, કેનેડા અને યુરોપિયન યુનિયનનો સમાવેશ થાય છે.

# સુવેન્દુ સરકારે બંગાળમાં ઓબીસી ક્વોટા ૧૭થી ઘટાડી ૭% કર્યો

કોલકાત્તા,તા.૨૦



પશ્ચિમ બંગાળ સરકારે રાજ્યની ઓબીસી અનામત વ્યવસ્થામાં ખૂબ જ મહત્વપૂર્ણ ફેરફારોની જાહેરાત કરી છે. કલકત્તા હાઈકોર્ટના વર્ષ ૨૦૨૪ ના ઐતિહાસિક ચુકાદાને આધારે લેવાયેલા આ નિર્ણય હેઠળ રાજ્યમાં ઓબીસી અનામતનો કુલ ક્વોટા ૧૭% થી ઘટાડીને હવે માત્ર ૭% કરી દેવામાં આવ્યો છે. આ નવી વ્યવસ્થાના અમલીકરણ સાથે જ અગાઉથી ચાલી આવતી ધર્મ આધારિત વર્ગીકરણની પ્રક્રિયાનો પણ સંપૂર્ણ અંત આવ્યો છે. હવે નવી જાહેર કરાયેલી સુધારેલી યાદી મુજબ રાજ્યમાં માત્ર ૬૬ જાતિઓ જ ઓબીસી અનામતના દાયરા હેઠળ પાત્ર ગણાશે. વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૨ ની વચ્ચે તત્કાલીન પ્રક્રિયા હેઠળ ઓબીસી યાદીમાં વધારાની ૭૭ જ્ઞાતિઓને જોડવાના નિર્ણયને કલકત્તા હાઈકોર્ટે ગેરબંધારણીય અને ગેરકાનૂની જાહેર કર્યો હતો, જેના કારણે અંદાજે ૧૨ લાખ જેટલા ઓબીસી પ્રમાણપત્રો રદબાતલ થયા હતા. જોકે વર્ષ ૨૦૧૦ પહેલાની મૂળ યાદીમાં સામેલ તમામ જાતિઓનો દરજ્જો યથાવત રાખવામાં આવ્યો છે અને જૂના ક્વોટાથી નોકરી મેળવનારા કર્મચારીઓની સેવા સુરક્ષિત રહેશે. આ સાથે જ મમતા બેનર્જી સરકારના સમયની ઓબીસી-એ અને ઓબીસી-બી વ્યવસ્થાનો અંત આવ્યો છે. નવી યાદીમાં કપાલી, કુર્મી, સુવર્ણકાર અને તાંતી જેવી હિન્દુ જ્ઞાતિઓ તેમજ પહાડિયા અને હજ્જામ જેવા ત્રણ મુસ્લિમ સમુદાયોને સ્થાન મળ્યું છે.

# ટેટ્રા પેકમાં દારૂના વેચાણ પર પ્રતિબંધની માંગ પર સુપ્રીમ કોર્ટે કેન્દ્રને નોટીસ ફટકારી

નવીદિલ્હી, તા.૨૦

ભારતમાં ટેટ્રા પેક, સેચેટ અને નાના પાઉચમાં દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરતી જાહેર હિતની અરજી પર સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર સહિત અન્ય પક્ષકારોને નોટિસ પાઠવી છે. મુખ્ય ન્યાયાધીશની આગેવાની હેઠળની બેન્ચે આ મામલે જવાબ માંગ્યો છે. કોમ્યુનિટી અગેઈન્સ્ટ ડ્રંકન ડ્રાઈવિંગ સંગઠન દ્વારા કરાયેલી આ અરજીમાં વરિષ્ઠ વકીલે દલીલ કરી હતી કે, વર્તમાન એક્સાઈઝ નિયમોમાં બોટલની વ્યાખ્યા અસ્પષ્ટ છે. કંપનીઓ ફળોના રસ જેવા પેકેજિંગ પર સફરજનના ચિત્રો છાપીને અંદર વોડકા જેવો દારૂ વેચી રહી છે, જે ગ્રાહકો, યુવાનો અને બાળકોને ભારે ગેરમાર્ગે દોરે છે. અરજીમાં દેશભરમાં એકસમાન આબકારી નીતિ ઘડવા અને દારૂ માત્ર કાચની બોટલો કે સ્પષ્ટ ઓળખી શકાય તેવા કન્ટેનરમાં જ વેચવાની માંગ કરાઈ છે.

# પીએમ મોદીએ ઈટાલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોનીને આપી 'મેલોડી' ટોફી

નવીદિલ્હી,તા.૨૦



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના વિદેશ પ્રવાસ દરમિયાન ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીને ખાસ ભેટ તરીકે 'મેલોડી' ટોફી આપી હતી. આ ક્ષણનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વાયરલ વીડિયો પર પ્રખ્યાત કન્ફેક્શનરી કંપની પારલે દ્વારા પણ ખૂબ જ રસપ્રદ પ્રતિક્રિયા આપવામાં આવી છે. પારલે કંપનીએ પોતાના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આ વીડિયો શેર કરીને કેપ્શનમાં લખ્યું કે, "૧૯૮૩થી સંબંધો મધુર બનતા જાય છે." સોશિયલ મીડિયા યુઝર્સ આ સર્જનાત્મક પોસ્ટને ભારત અને ઈટાલી વચ્ચેની મજબૂત મિત્રતા સાથે જોડીને ખૂબ પસંદ કરી રહ્યા છે. ઈટાલીના પીએમ મેલોનીએ પોતે પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આ વીડિયો પોસ્ટ કરીને વડાપ્રધાન મોદીનો આભાર માન્યો હતો અને આ કેન્ડીને ખૂબ જ સ્વાદિષ્ટ ગણાવી હતી. બંને નેતાઓ વચ્ચેની આ હળવી અને મધુર ક્ષણ અત્યારે ઈન્ટરનેટ પર ભારે ચર્ચાનો વિષય બની છે.


# તમિલનાડુના સીએમ વિજયની સરકારને આપેલો ટેકો ખેંચી લેવા સીપીઆઈએમની ચિમકી

ચેન્નાઈ,તા.૨૦

તમિલનાડુમાં અભિનેતામાંથી રાજનેતા બનેલા જોસેફ વિજયની 'ટીવીકે' સરકાર બન્યાના માત્ર ૧૦ દિવસમાં જ મોટું રાજકીય સંકટ ઊભું થયું છે. સીપીઆઈએમ રાજ્ય સચિવ પી. શનમુગમે સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો મુખ્યમંત્રી વિજય એઆઈએડીએમકેના ૨૫ બળવાખોર ધારાસભ્યોને મંત્રીમંડળમાં સામેલ કરશે, તો ડાબેરી પક્ષો સરકારને આપેલો બહારથી ટેકો પાછો ખેંચવા પર પુનર્વિચાર કરશે. ડાબેરી પક્ષો અને વીસીકેએ ભાજપને રાષ્ટ્રપતિ શાસન લાદતા રોકવા અને જનતા પર બીજી ચૂંટણી ન થોપવા માટે ૧૦૮ બેઠકો ધરાવતી ટીવીકે સરકારને ટેકો આપ્યો હતો. જનાદેશ ડીએમકે અને એઆઈએડીએમકે વિરુધ્ધ હોવાથી, વિજય દ્વારા બળવાખોરોનો સાથ લેવાનો પ્રયાસ ચૂંટણી વચનો અને જનતાના નિર્ણયની વિરુધ્ધ ગણાશે, જેનાથી સરકાર અસ્થિર થવાનું જોખમ વધી ગયું છે.

# રાહુલ ગાંધીએ પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહને દેશદ્રોહી ગણાવતા ભાજપે વિરોધ કર્યો

નવીદિલ્હી,તા.૨૦



કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રાયબરેલીની એક સભામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પર આકરા પ્રહારો કરતા તેમને "દેશદ્રોહી" ગણાવ્યા છે. રાહુલે આરોપ લગાવ્યો કે ભાજપ અને આરએસએસ દેશનું બંધારણ નબળું પાડી રહ્યા છે અને તેમણે દેશ વેચી દીધો છે. બંધારણનું રક્ષણ કરવું એ દરેક નાગરિકની ફરજ હોવાનું જણાવી તેમણે દેશમાં આર્થિક કટોકટી અને મોંઘવારીનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. આ ગંભીર આક્ષેપો સામે ભારતીય જનતા પાર્ટીએ આક્રોશ વ્યક્ત કર્યો છે. ભાજપે વળતો પ્રહાર કરતા જણાવ્યું કે વડા પ્રધાનને દેશદ્રોહી કહેવા એ દેશના ૧.૪ અબજ લોકોનું અપમાન છે. ભાજપના નેતાઓએ રાહુલ ગાંધીની વિચારસરણીને શહેરી નક્સલવાદી અને પાકિસ્તાનની ભાષા જેવી ગણાવી છે, તેમજ ઓબીસી અને ગરીબ પૃષ્ઠભૂમિમાંથી આવતા વડા પ્રધાન પ્રત્યેની કોંગ્રેસની માનસિકતા પર સવાલો ઉઠાવ્યા છે.

# નવી દિલ્હીમાં યોજાનારી બે સમિટ માટે ગૃહમંત્રાલય દ્વારા સઘન સુરક્ષા વ્યવસ્થા

નવીદિલ્હી,તા.૨૦



નવી દિલ્હીમાં આગામી બે અઠવાડિયામાં યોજાનારી ભારત-આફ્રિકા ફોરમ સમિટ અને આંતરરાષ્ટ્રીય બિગ કેટ એલાયન્સ સમિટ માટે સુરક્ષા વ્યવસ્થા અત્યંત કડક કરવામાં આવી છે. આ મહત્વપૂર્ણ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં વિદેશી મહાનુભાવો ભાગ લેવાના હોવાથી કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સુરક્ષાની સંપૂર્ણ જવાબદારી સીએપીએફને સોંપી છે. દિલ્હી પોલીસની વિનંતી બાદ સીએપીએફની ૨૦૦ કંપનીઓ જેમાં સીઆરપીએફ, બીએસએફ, એસએસબી, સીઆઈએસએફ અને આઈટીબીપીના ૨૦,૦૦૦ જવાનો અને ૫૦૦ કમાન્ડો સામેલ છે, તેઓ દિલ્હી પહોંચી ગયા છે. આ દળો ૧૮ મે થી ૩ જૂન સુધી દિલ્હી પોલીસ સાથે મળીને કાયદો અને વ્યવસ્થા જાળવશે. અગાઉ ૨૦૨૩ ના જી ૨૦ સમિટ દરમિયાન પણ આવી જ અભેદ્ય સુરક્ષા ગોઠવવામાં આવી હતી. આ વર્ષે ભારત-આફ્રિકા સમિટ 'આઈએ સ્પિરિટ' થીમ હેઠળ યોજાશે, જ્યારે પર્યાવરણ મંત્રાલય દ્વારા બિગ કેટ એલાયન્સ માટેનો લોગો પણ લોન્ચ કરી દેવાયો છે.

# પીએમ મોદી આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની પ્રતિષ્ઠા વધારવાનું કામ કરે છે : શરદ પવાર

મુંબઈ,તા.૨૦



એનસીપી (એસપી) વડા શરદ પવારે મુંબઈના એક કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી છે. તેમણે જણાવ્યું કે રાજકીય મતભેદો હોવા છતાં, પીએમ મોદી આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની પ્રતિષ્ઠા વધારવાનું કામ કરી રહ્યા છે. દેશના હિત અને સન્માનની રક્ષા માટે રાજકીય વિરોધ બાજુ પર મૂકવો જોઈએ. પવારે ભૂતપૂર્વ વડાપ્રધાનો ઈન્દિરા ગાંધી, નરસિંહ રાવ અને મનમોહન સિંહના ઉદાહરણો આપી દેશહિતને સર્વોપરી ગણાવ્યું હતું. સાથે જ તેમણે પંડિત નેહરુ સાથેની મુલાકાત અને ઈન્દિરા ગાંધીના સોવિયેત યુનિયનના કિસ્સાને યાદ કરી દેશના ગૌરવની વાત કરી હતી. અંતમાં તેમણે રાષ્ટ્રીય હિતમાં તમામ પક્ષોના જૂના સાથીઓને સાથે મળીને કામ કરવા આહ્વાન કર્યું હતું.

# અમેરિકાના વિદેશ સચિવ માર્કો રુબિયોની પ્રથમવાર ભારતની મુલાકાતે આવશે

નવીદિલ્હી,તા.૨૦

અમેરિકાના વિદેશ સચિવ માર્કો રુબિયો ૨૩ થી ૨૬ મે દરમિયાન ચાર દિવસ માટે ભારતની મુલાકાતે આવી રહ્યા છે. સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા ટોમી પિગોટના જણાવ્યા અનુસાર, રુબિયો તેમની પ્રથમ ભારત યાત્રા દરમિયાન કોલકાતા, આગ્રા, જયપુર અને નવી દિલ્હીની મુલાકાત લેશે. આ પ્રવાસનો મુખ્ય હેતુ ઊર્જા, સુરક્ષા, વેપાર અને સંરક્ષણ ક્ષેત્રે દ્વિપક્ષીય સહયોગ વધારવાનો છે. તાજેતરમાં બંને દેશો ટેરિફ હટાવવા અને વેપાર કરાર કરવા સંમત થયા હતા, જેને હવે અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. આ સાથે જ નવી દિલ્હીમાં યોજાનારી ક્વાડ વિદેશ પ્રધાનોની બેઠકમાં પણ તેઓ ભાગ લેશે, જેમાં પશ્ચિમ એશિયાની કટોકટી સહિત વૈશ્વિક ચિંતાઓ પર ચર્ચા કરવામાં આવશે.

# નોર્વેના અખબારે પીએમ મોદીનું મદારી વાળુ કાર્ટુન પ્રકાશિત કરતા દેશમાં આક્રોશ

નવી દિલ્હી, તા.૩૦



નોર્વેના અખબાર 'આફટેન પોસ્ટેન' દ્વારા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું એક વિવાદાસ્પદ કાર્ટુન પ્રકાશિત કરાતા સોશિયલ મીડિયા પર જોરદાર વિરોધ શરૂ થયો છે. આ કાર્ટુનમાં વડાપ્રધાનને એક મદારી તરીકે મોરલી વગાડતા અને ઇંધણની પાઈપને સાપની જેમ દર્શાવવામાં આવ્યા છે, જેની સાથે 'એક ચાલાક અને થોડો પરેશાન કરનાર માણસ' શીર્ષક હેઠળ લેખ છપાયો હતો. ભારતીય યુઝર્સે આ ચિત્રણનો પશ્ચિમી દેશોની સંસ્થાનવાદી અને વિકૃત માનસિકતાનું પ્રતીક ગણાવીને તેની આકરી ટીકા કરી છે. લોકો આ ઘટનાને ભારત પ્રત્યેના વંશીય ભેદભાવ અને નકારાત્મક દ્રષ્ટિકોણ તરીકે જોઈ રહ્યા છે, જેના કારણે ઈન્ટરનેટ પર ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# ભારતને ડીઆરડીઓએ ડ્રોનથી છોડવામાં આવતી અત્યાધુનિક મિસાઈલનું પરીક્ષણ કર્યુ

નવી દિલ્હી,તા.૨૦




ભારતની ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન **(DRDO)** એ ડ્રોનથી છોડવામાં આવતી અત્યાધુનિક મિસાઈલનું પરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ કરી લીધું છે. આ સ્વદેશી મિસાઈલનું નામ **ULPGM-V3** છે. આ મિસાઈલની સૌથી મોટી ખાસિયત એ છે કે તે હવાથી હવા અને હવાથી જમીન એમ બંને પ્રકારના લક્ષ્યો પર અત્યંત સચોટ હુમલો કરવાની ક્ષમતા ધરાવે છે. તે હવામાં દુશ્મનના હેલિકોપ્ટર, ડ્રોન અને અન્ય હવાઈ લક્ષ્યોને સરળતાથી તોડી પાડી શકે છે, જ્યારે જમીન પર તે દુશ્મનની ટેન્કો, સૈન્ય વાહનો અને મજબૂત બંકરોને સચોટ રીતે નિશાન બનાવી શકે છે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ મિસાઈલનું પરીક્ષણ આંધ્રપ્રદેશના કુર્નૂલ સ્થિત **DRDO** ટેસ્ટ રેન્જમાં કરવામાં આવ્યું હતું. આ પરીક્ષણ દરમિયાન એક ખાસ ઈન્ટિગ્રેટેડ ગ્રાઉન્ડ કંટ્રોલ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે મિસાઈલના લોન્ચિંગ અને કમાન્ડ સિસ્ટમને સંપૂર્ણપણે નિયંત્રિત કરે છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આ સફળતા બદલ વૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવ્યા હતો.

# લોકોને રસ્તા પર ઉતરીને પ્રદર્શન કરવાનો કોઈ અધિકાર નથી : સુપ્રીમ

નવી દિલ્હી,તા.૨૦



ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાના જસ્ટિસ સૂર્યકાંતની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટની બેન્ચે દેશમાં વિરોધ પ્રદર્શનના અધિકારો અને સામાન્ય જનતાની સુવિધા વચ્ચે સંતુલન જાળવવા અંગે અત્યંત મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે લોકતાંત્રિક વ્યવસ્થામાં દરેક નાગરિકને પોતાની માગણીઓ માટે શાંતિપૂર્ણ અને કાયદેસર રીતે અવાજ ઉઠાવવાનો સંપૂર્ણ અધિકાર છે. જોકે, આ અધિકારનો અર્થ એ નથી કે પ્રદર્શનકારીઓ રસ્તાઓ પર ઉતરીને સામાન્ય લોકો માટે મુશ્કેલીઓ ઊભી કરે. પ્રદર્શનના બહાને દેશમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગાડવાની અથવા તો ભય અને ડરનો માહોલ પેદા કરવાની પરવાનગી કોઈને પણ આપી શકાય નહીં. આ મહત્વની સુનાવણી નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટના નામકરણ અંગે ચાલી રહેલા વિવાદ દરમિયાન થઈ હતી. પ્રકાશજ્યોત સામાજિક સંસ્થા દ્વારા દાખલ કરાયેલી અરજીમાં માગ કરવામાં આવી હતી કે આ એરપોર્ટનું નામ લોકનેતા ડીબી પાટીલ નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ રાખવામાં આવે. આ મામલે બોમ્બે હાઈકોર્ટે અગાઉ અરજી ફગાવી દીધી હતી, જેને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવી હતી.




# ઈંધણ બચાવવા રાજય સરકાર દ્વારા ૧૧ નવા નિયમોની જાહેરાત

ગાંધીનગર,તા.૨૦




રાજ્ય સરકાર દ્વારા ઈંધણની બચત કરવા અને સરકારી ખર્ચમાં મોટો અંકુશ લાવવા માટે કેટલાંક પગલાં લેવામાં આવ્યા છે. ગત સપ્તાહે મુખ્યમંત્રીની અધ્યક્ષતામા લેવાયેલા નિર્ણય બાદ, સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વહીવટી પ્રક્રિયાને વધુ સુદ્રઢ બનાવવા માટે ૧૧ નવા નિયમોની જાહેરાત કરવામાં આવી છે. જેમાં રાજ્યના તમામ વિભાગો, સરકારી કચેરીઓ અને ઉચ્ચ સરકારી અધિકારીઓને બિનજરૂરી ખર્ચ ઘટાડવા તેમજ આધુનિક ટેક્નોલોજી આધારિત કાર્યપધ્ધતિ અપનાવવા માટે કડક સૂચનાઓ આપવામાં આવી છે. સરકારી કામકાજ માટે પ્રવાસનું આયોજન માત્ર અત્યંત અનિવાર્ય સંજોગોમાં જ કરવાનું રહેશે.ક્ષેત્રીય અધિકારીઓ કે કર્મચારીઓને સામાન્ય મિટિંગો માટે રૂબરૂ બોલાવવાના બદલે વીડિયો કોન્ફરન્સિંગ જેવા ઓનલાઈન માધ્યમોનો મહત્તમ ઉપયોગ કરવાની




## ગોંડલ નજીક બે કાર સામસામે અથડાતા ત્રણ યુવકો ગંભીર

રાજકોટ,તા.૨૦

ગોંડલના ઘોઘાવદર રોડ પર આવેલી ધારેશ્વર ચોકડી નજીક સામસામે આવી રહેલી બે કાર વચ્ચે એટલી જોરદાર ટક્કર થઈ કે આસપાસનો વિસ્તાર ધડાકાથી ગુંજી ઉઠ્યો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે ટક્કર બાદ એક કાર નિયંત્રણ ગુમાવીને સીધી પુલ નીચે ખાબકી હતી. આ દુર્ઘટનામાં બંને વાહનોનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને ત્રણ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોમાં ઘોઘાવદરના યાજ્ઞિક ભંડેરી, જેતપુરના ઉમરાળી ગામના ભૌતિક વોરા અને ભાવેશ ખૂંટને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

## ભાવનગર-ધોલેરા માર્ગ પર અકસ્માતમાં ત્રણ યુવાનોના કરૂણ મોત

ભાવનગર,તા.૨૦

ભાવનગર-ધોલેરા માર્ગ પર આવેલા ભાલ પંથકના ભડભીડ ટોલનાકા નજીક મોડી રાત્રે એક ભીષણ માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ફોરવ્હીલર ગાડીમાં સવાર ત્રણ વ્યક્તિઓના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. ઓવરસ્પીડના કારણે સર્જાયેલા આ અકસ્માતમાં કાર આગળ જતાં કન્ટેનરના પાછળના ભાગમાં ધડાકાભેર ઘૂસી ગઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કારનો પડીકું વળી ગયું હતું. આ અકસ્માતમાં જીવ ગુમાવનારા મૃતકોની ઓળખ વિરેન્દ્રસિંહ કિરીટસિંહ સરવૈયા, બળભદ્રસિંહ રણજીતસિંહ ચુડાસમા અને ઈમ્તિયાઝ મલેક તરીકે થઈ છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો અને રાહત-બચાવની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે ત્રણેય મૃતદેહોને બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા.







